BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4

## ડિપ્લોમા - બૌદ્ધિક સંપત્તિ અને સાયબર અપરાધ
## Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

**સેમેસ્ટર – 1**

**પેપર - DIPACC - 3**

**બૌદ્ધિક સંપત્તિ - II**

**(Intellectual Property-II)**



# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવી ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એક માત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતીના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના ઉજ્જવળ ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ. શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારિત્ર્યઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમતા પૂર્વક કરે છે. સમાજના વિશાળ વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમનાં રોજિંદાં કામો કરતાં પ્રાપ્ત થતી રહે. વ્યાવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાયઃ પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ મેળવતાં છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરાવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવાં પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરવા માટે શિક્ષણવિદો સાથે પરામર્શન કરવામાં આવે છે. એ પછી જ માળખૂ રચી, અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોનાં કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજ્જ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષયનિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થાય પછી જ પરિણામલક્ષી અભ્યાસસામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', 'સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘર સુધી શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન આપવા સાથે અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.
અસ્તુ!

**પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાય**
**કુલપતિ**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ**

# Diploma in Intellectual Property and Cybercrime (DIPACC)

## DIPACC - Paper – 3 બૌદ્ધિક સંપત્તિ - - II (Intellectual Property - II)


**નિદર્શન**

**પ્રો. યોગેન્દ્ર પારેખ** — નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ

**સંપાદક**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** — અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. ભાગ્યશ્રી રાજપૂત** — DIPACC કોર્સ કો-ઓર્ડીનેટર અને આસિસ્ટન્ટ પ્રોફેસર, સમાજશાસ્ત્ર, સ્કૂલ ઓફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીસ, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અમદાવાદ.

**વિષય સમિતિ**

**ડૉ. ભાવેશ એચ. ભરાડ** — અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યુમન રાઈટ્સ એન્ડ ડ્યુટીઝ, સ્કૂલ ઓફ લો, ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ.

**ડૉ. અરૂંધતી દાસાણી** — આસિસ્ટન્ટ પ્રોફેસર, એ.એમ.પી સરકારી લો કોલેજ, યાજ્ઞિક રોડ, રાજકોટ

**સુશ્રી સત્યા એસ. પોગારૂ** — પેટન્ટ એજન્ટ, પાર્ટનર અને વાઇસ-પ્રેસિડેન્ટ, એન્જીનિયર અને સોફ્ટવેર ગ્રુપ, લેક્સપર્ટ કોન્સિલિયમ એલએલપી, અમદાવાદ

**લેખન**

**સુશ્રી દિપીકા વિરપરી** — આસિસ્ટન્ટ પ્રોફેસર, સરકારી લો કોલેજ, કે. કા. શાસ્ત્રી સંકુલ, ખોખરા, અમદાવાદ

**સુશ્રી ચૈતાલી પટેલ** — લેક્ચરર, નવગુજરાત લો કોલેજ, ગાંધીનગર

**ડૉ. રિદ્ધિ સોમમાણેક** — આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રીમતી એસ. એસ. અજમેરા લો કોલેજ, ગોંડલ

**વિષય પરામર્શન**

**ડૉ. વિમલકુમાર પરમાર** — આચાર્ય, શ્રી કે. પી. શાહ લો કોલેજ, અરવિંદ માર્ગ, જામનગર

**ભાષા પરામર્શન**

**પ્રિ. ધનશ્યામ કે. ગઢવી** — નિવૃત્ત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા



**પ્રકાશક**

કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

**પ્રકાશન વર્ષ :** **2025: પ્રથમ આવૃત્તિ**

**ISBN NO:** **978-93-5598-622-1**

978-93-5598-622-1



**: સર્વાધિકાર સુરક્ષિત :**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસસામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**DIPACC – સેમેસ્ટર – 1**

**પાઠ્યક્રમ – 3 બૌદ્ધિક સંપત્તિ – II**

**(Intellectual Property - II)**


**એકમ-1**

**ટ્રેડમાર્ક** **01**

**એકમ-2**

**ટ્રેડ સિક્રેટ** **17**

**એકમ-3**

**ઔદ્યોગિક ડિઝાઈન** **26**

**એકમ-4**

**ભૌગોલિક સંકેતો** **33**

**એકમ-5**

**તુલનાત્મક અભ્યાસ** **41**

## વિભાગીય પરિચય

વિદ્યાર્થીમિત્રો, બૌદ્ધિક સંપત્તિની વિવિધ પ્રાકૃતિઓના ન્યાયિક અને વ્યવસાયિક પાસાઓ પર ઊંડાણપૂર્વકનું જ્ઞાન પ્રદાન કરવા માટે Paper – 3 બૌદ્ધિક સંપત્તિ - II (Intellectual Property - II) પાઠ્યક્રમની રચના કરવામાં આવેલ છે. ટ્રેડમાર્ક, ટ્રેડ સિક્રેટ, ઔદ્યોગિક ડિઝાઈન, અને ભૌગોલિક સંકેતો જેવા વિષયોમાં તાર્કિક જ્ઞાન મેળવવું આવશ્યક છે. જેથી બૌદ્ધિક સંપત્તિના ક્ષેત્રમાં તુલનાત્મક અભ્યાસના મહત્ત્વને સમજી શકાય, તથા બૌદ્ધિક ક્ષમતા અને વ્યવસાયિકતામાં વધારો કરી શકાય.

વિદ્યાર્થીમિત્રો, પ્રથમ એકમમાં બૌદ્ધિક સંપત્તિનું એક મહત્વપૂર્ણ અંગ ટ્રેડમાર્કની ચર્ચા કરેલ છે, જે વ્યવસાયિક જગતમાં વસ્તુ કે સેવાની ઓળખ આપવાનું કામ કરે છે. ટ્રેડમાર્ક કોઈ પણ ઉત્પાદન અથવા સેવા સાથે સંકળાયેલું વિશિષ્ટ ચિહ્ન છે, જે ગ્રાહકોને તેની ઓળખ માટે મદદરૂપ થાય છે. આ એકમમાં, ટ્રેડમાર્કના કાનૂની પાસાં, તેની નોંધણીની પ્રક્રિયા, અને તેના ઉપયોગ અને ઉલ્લંઘનના મુદ્દાઓ પર વિગતવાર ચર્ચા કરેલ છે.

બીજા એકમમાં ટ્રેડ સિક્રેટની માહિતી આપેલ છે. ટ્રેડ સિક્રેટ એ વ્યવસાયિક જગતમાં મહત્વપૂર્ણ માહિતી છે, જેનો જાહેરમાં પ્રકાશન થતો નથી અને જેની સહાયથી એ વ્યવસાયને સ્પર્ધામાં મહત્વપૂર્ણ ફાયદો મળે છે. આ એકમમાં, ટ્રેડ સિક્રેટ્સની સુરક્ષા માટેના કાનૂની ઉપાયો અને નૈતિક મૂલ્યો પર વિશેષ ભાર મુકેલ છે. સાથે જ, ટ્રેડ સિક્રેટ્સના ઉલ્લંઘનના મુદ્દાઓ અને તેના પર કાયદાકીય કાર્યવાહીનો પણ અભ્યાસ કરેલ છે.

ત્રીજા એકમમાં ઔદ્યોગિક ડિઝાઇનનો સમાવેશ કરેલ છે. ઔદ્યોગિક ડિઝાઇન એ ઉત્પાદનોની દ્રશ્ય અથવા એસ્ટેટિક ગુણવત્તાને ઓળખવા માટેનું કાનૂની સાધન છે. આ એકમમાં, ઔદ્યોગિક ડિઝાઇનની નોંધણી પ્રક્રિયા, તેનું કાનૂની સંરક્ષણ અને ડિઝાઇન સંબંધિત ઉલ્લંઘનના મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે.

ચોથા એકમમાં ભૌગોલિક સંકેતોનું વર્ણન કરેલ છે.  ભૌગોલિક સંકેતો એ કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં ઉત્પન્ન થતી વસ્તુઓના મૂળ અને ગુણવત્તાના નિર્દેશક તરીકે ઓળખાય છે. આ એકમમાં, ભૌગોલિક સંકેતોના કાનૂની માળખા, તેની નોંધણી પ્રક્રિયા અને સંરક્ષણના મુદ્દાઓ સમજાવેલ છે.

વિદ્યાર્થીમિત્રો, પાંચમા એકમમાં તુલનાત્મક અભ્યાસની માહિતી આપેલ છે. તુલનાત્મક અભ્યાસ દ્વારા, વિધાર્થીઓને વિવિધ દેશોની કાનૂની પદ્ધતિઓના મજબૂત અને નબળા પાસાઓ વિશે જ્ઞાન મેળવવામાં મદદ મળશે, અને આ કાનૂનના સુધારણા માટે શક્યતાઓ પર વિચાર કરવામાં આવશે.

એકમ 1

# ટ્રેડમાર્ક

-: રૂપરેખા :-

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ટ્રેડમાર્કની વ્યાખ્યા (Definition)**

**1.3 ટ્રેડમાર્ક માટેની પાત્રતા (T.M. Eligibility)**

**1.4 પાસિંગ ઓફ અને ભ્રામક સમાનતા વિશે ચર્ચા કરવી.**

**1.5 ટ્રેડમાર્કનો સમયગાળો (Term of TM)**

**1.6 ટ્રેડમાર્ક મેળવવા પાત્રતા ધરાવતા વ્યક્તિઓ (Who is Eligible to apply for TM)**

**1.7 અધિકારો (Rights Conferred)**

**1.8 સારાંશ**

**1.9 તમારી પ્રગતિ ચકાસો.**

**1.10 ચાવીરૂપ શબ્દો**

**1.11 સંદર્ભ સૂચિ**

## 1.0 ઉદ્દેશ :-

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- ટ્રેડમાર્કની વ્યાખ્યાની ચર્ચા કરશો.
- ટ્રેડમાર્કના સ્વરૂપ તત્ત્વો, પ્રકારો અને તેની ઉપયોગિતા વિશે માહિતી મેળવશો.
- ટ્રેડમાર્કની પાત્રતા જાણશો.
- પાસિંગ ઓફ અને ભ્રામક સમાનતા વિશે ચર્ચા કરશો.
- ટ્રેડમાર્કના સમયગાળા વિશે સમજશો.
- ટ્રેડમાર્ક મેળવવા પાત્રતા ધરાવતા વ્યક્તિઓ વિશે જાણશો.
- તેમજ તે દ્વારા કયા અધિકારો છે તેની ચર્ચા કરશો.

## 1.1 પ્રસ્તાવના (Introduction) :-

ટ્રેડમાર્ક શબ્દનો ઉલ્લેખ આપણે ઘણી વખત આપણા રોજ-બરોજના વ્યવહારોમાં સાંભળતા હોઇએ છીએ. આ શબ્દ બે શબ્દોના સમૂહ થકી બેનલો શબ્દ છે. એક ટ્રેડ' અને બીજો 'માર્ક' ધંધાકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા લોકો માટે આ શબ્દ જાણીતો છે. ધંધાકીય પ્રવૃત્તિઓને એકબીજાથી અલગ પાડવા માટે ધંધાદારી વ્યક્તિને તેના માલ કે સેવા માટે જે માર્ક આપવામાં આવે તે ટ્રેડમાર્ક છે. આ માર્કથી એક વ્યક્તિનો માલ અને સેવા અન્ય વ્યક્તિના માલ અને સેવા થી અલગ પડે છે. ટ્રેડમાર્ક એ બૌદ્ધિક સંપદાના અધિકારો હેઠળ આવતો એક પ્રકાર છે. બૌદ્ધિક સંપત્તિના અધિકારો મનુષ્યની બુદ્ધિ દ્વારા સર્જન કરવામાં આવેલ વાણિજ્યિક બાબતોને

રક્ષણ પૂરું પાડે છે.

બૌદ્ધિક સંપત્તિનો અધિકાર એ કોઇ વ્યક્તિ કે કંપનીને આપવામાં આવતો અધિકાર છે કે, જે દ્વારા આવી વ્યક્તિ અથવા તો કંપની પોતાના વિચાર (Idea, Plan) અથવા અન્ય અવાસ્તવિક મિલકતો પર વિશિષ્ટ અધિકાર મેળવે છે, આ અધિકાર અમુક ચોક્કસ સમય માટે અને હરીફાઇના કોઈપણ ડર વિના ભોગવી શકે છે. આ અધિકારોમાં પેટન્ટ, કોપીરાઇટ, ટ્રેડમાર્ક અને ટ્રેડસિક્રેટ નો સમાવેશ થાય છે. આવા અધિકારોનું પાલન અદાલત દ્વારા કરાવી શકાય છે. આ અધિકારો પ્રદાન કરવાનો મુખ્ય હેતુ શોધ કરનાર વ્યક્તિને પ્રોત્સાહન પૂરું પાડવાનો છે, કે જેના લીધે થઇ તે કોઈપણ જાતના ભય વગર કાર્ય કરી શકે.

સાદા શબ્દોમાં કહીએ તો ટ્રેડમાર્ક એ ધંધાર્થીઓ માટે એક રસ્તો છે, કે જેના લીધે લોકો એક ધંધા સાથે જોડાયેલ ઉત્પાદનોને અન્ય ધંધા સાથે જોડાયેલ ઉત્પાદનોથી અલગ કરી શકે. મોટા ભાગે આપણે જુદા-જુદા ઉત્પાદનો પર ® ™ ℠ અથવા તો એવા ચિહ્ન જોઇએ છીએ, તે રજીસ્ટર્ડ થયેલ ટ્રેડમાર્ક બતાવે છે. જેનો મુખ્ય હેતુ ધંધામાં અયોગ્ય હરિફાઇ અટકાવવાનો છે. અને તે માટે કોઈપણ પ્રતીક, ડિઝાઇન, શબ્દ, લોગો, વાક્યરચના, ડોમેન નામ વગેરે કે જે એક ધંધાના માલ કે સેવાને અન્ય ધંધા કે સેવાથી અલગ પાડે છે તેને રક્ષણ આપવામાં આવે છે, અને આ માટે દરેક વ્યક્તિ કે કંપની જે ધંધા સાથે સંકળાયેલ છે તેને પોતાના માર્કની નોંધણી રજીસ્ટર સમક્ષ કરવાની રહે છે. જો કે આવી નોંધણી કરાવવી ફરજીયાત નથી, પરંતુ હિતાવહ છે. ભારતમાં આ પ્રકારના રક્ષણ માટેની વ્યવસ્થા કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ ડિઝાઇન અને ટ્રેડમાર્ક દ્વારા થાય છે. ભારતમાં ટ્રેડમાર્કની નોંધણી ધ ટ્રેડમાર્ક એકટ, ૧૯૯૯ હેઠળ થાય છે. ટ્રેડમાર્ક અંગેની અન્ય જોગવાઇઓને પણ આ જ કાયદો લાગુ પડે છે. આ કાયદા પૂર્વે ભારતમાં ધ ટ્રેડ મર્કેન્ટાઇઝ માર્ક એકટ, ૧૯૫૬ અસ્તિત્વમાં હતો, પરંતુ બદલાતા સંજોગો અને જરૂરિયાત પ્રમાણે હાલમાં આ કાયદો અપુરતો હોવાના લીધે ૧૯૯૯ નો નવો કાયદો અસ્તિત્વમાં આવ્યો અને સમયે-સમયે તેમાં ફેરફારો પણ થયા.

ધ ટ્રેડમાર્ક એકટ,૧૯૯૯ નો કાયદો સમગ્ર ભારતમાં લાગુ પડે છે અને તે તા.૧૫-૦૧-૨૦૦૩ થી અમલમાં આવ્યો.

## 1.2 ટ્રેડમાર્ક અર્થ અને વ્યાખ્યા (Definition) :-

❖ **Cambridge Dictionary પ્રમાણે**

"ઉત્પાદનનું નામ અથવા પ્રતીક કે જે એમ દર્શાવે છે કે તે કોઇ ચોક્કસ કંપની દ્વારા બનાવવામાં આવેલ છે અને જેનો ઉપયોગ કોઇ અન્ય કંપની દ્વારા મંજૂરી વિના થઇ શકશે નહી."

❖ **ધ ટ્રેડમાર્ક એકટ, ૧૯૯૯ ની કલમ-૨(૧) (ઝેડબી) પ્રમાણે**

" ટ્રેડમાર્ક એટલે એવો માર્કો, કે જેને ચિત્રાત્મક રીતે રજૂ કરી શકાય અને જે એ વ્યક્તિના માલ કે સેવાને અન્ય વ્યક્તિના માલ કે સેવાથી અલગ પાડવા માટે સક્ષમ હોય અને જેમાં માલનો આકાર, તેનું પેકિંગ અને રંગોનું સંયોજન નો પણ સમાવેશ થાય છે."

અને આ માર્કમાં સહી, નામ, લેબલ, મથાળું વગેરે બાબતોનો પણ સમાવેશ થાય છે.

❖ **મરીયમ વેબસ્ટર ડિક્ષનરી પ્રમાણે**

(1) એ એક સાધન છે (જેમકે નામ) જે ઉત્પાદનને તેના ઉદ્દભવ અથવા માલિકીમાં જુદા પાડવાનો નિર્દેશ કરે છે, અને જેને એ લાગુ પાડે છે એ માલિક અથવા

વેચનાર માટે કાયદેસર રીતે તેનો આખરી હક અનામત રાખે છે.

(2) જુદા પાડવા માટેની લાક્ષણિકતા અથવા ખાસિયતો, કે જે વ્યક્તિ અથવા વસ્તુ સાથે સંકળાયેલ હોય.

**કોલિંસ ડિક્ષનરી પ્રમાણે**

"ટ્રેડમાર્કએ નામ અથવા પ્રતીક છે, કે જેનો કંપની પોતાના ઉત્પાદન માટે ઉપયોગ કરે છે, અને જેનો ઉપયોગ કાયદેસર રીતે અન્ય કંપની દ્વારા થઇ શકતો નથી."

❖ **Dictionary.Com પ્રમાણે**

"ટ્રેડમાર્ક એ કોઇ નામ, પ્રતીક, આકૃતિ, અક્ષર, શબ્દ અથવા ચિહ્ન કે જેને ઉત્પાદક કે વેપારી દ્વારા પોતાના માલને ડિઝાઇન કરવામાં અને પોતાના માલને અન્ય વેપારીઓ દ્વારા વેચાતા માલથી જુદો પાડવા માટે લેવામાં આવેલ હોય કે વાપરવામાં આવેલ હોય."

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી ટ્રેડમાર્કના કેટલાક લક્ષણો જોઇ શકાય છે. કોઇપણ માર્કનો સમાવેશ ટ્રેડમાર્કની હેઠળ થઇ શકે એ માટે તેમાં નીચે પ્રમાણેની આવશ્યક જરૂરિયાતો હોવી જોઇએ.

### 1.2.1 ટ્રેડમાર્કની લાક્ષણિકતાઓ (Essential Features) :-

(1) તે એક માર્ક હોવો જોઇએ કે, જે સાધન, બ્રાંડ, મથાળું, લેબલ, ટિકિટ, નામ અથવા નામનું સંક્ષેપ, સહી, શબ્દ, અક્ષર અથવા માલનો આંકડાકીય આકાર, પેકિંગ અથવા રંગોનું સંયોજન અથવા આ બધા પૈકી કોઇપણ બાબતોના સમૂહ હોઇ શકે.

(2) તે ચિત્રાત્મક રીતે રજૂ કરી શકાય તેવો હોવો જોઇએ.

(3) તે એક વ્યક્તિના માલ અથવા સેવાને અન્ય વ્યક્તિના માલ અથવા સેવાથી જુદા પાડી શકે તેવો હોવો જોઇએ.

(4) તેનો ઉપયોગ અથવા ઉપયોગ કરવાનો હેતુ માલ કે સેવાને જુદો પાડવાનો હોવો જોઇએ.

(5) આ માર્કનો ઉપયોગ છાપીને અથવા અન્ય રીતે અભિવ્યકત કરી શકાય એ રીતે થયેલો હોવો જોઇએ.

(6) સેવાના સંદર્ભમાં તેનો ઉપયોગ સેવાની પ્રાપ્યતા અથવા સેવાના દેખાવના સંદર્ભમાં થયેલો હોવો જોઇએ.

(7) આ માર્ક વાપરવાનો હેતુ સેવા કે ધંધાની પ્રવૃત્તિ દરમિયાન માલ અથવા સેવાનો સંબંધ દર્શાવવા માટે જ થયેલો હોવો જોઇએ અને કેટલાક લોકોને તેનો ઉપયોગ કરવાનો અધિકાર માલિક તરીકે અથવા પરવાનગીથી તેનો ઉપયોગ કરી શકે એ દર્શાવવા માટે જ થયેલો હોવો જોઇએ.

### 1.2.2 ટ્રેડમાર્કની અગત્યતા (Significance of TM) :-

(1) ટ્રેડમાર્ક ખરીદનારને તેના ઉત્પાદક અથવા માલની ગુણવત્તાને ઓળખવા માટે ઈશારો કરે છે.

(2) તે ખરીદનારને માર્ક ના સંદર્ભમાં અને જે વસ્તુ તે ખરીદે છે તેની ગુણવત્તાના સંદર્ભમાં સંતોષ થાય તે માટેની ખાત્રી આપે છે.

(3) ટ્રેડમાર્ક, માલ કોઇ ચોક્કસ વ્યક્તિનો બનાવેલો છે તે દર્શાવવા માટે જ નહીં પરંતુ કોઇ ખાસ પ્રકારના અથવા ગુણવત્તાના માલના બનાવનાર અંગેનો નિર્દેશ કરે છે.

**1.3.3 ટ્રેડમાર્કના કાર્યો (Functions of TM) :-**

(1) તે ઉત્પાદનની ડિઝાઇનની ઓળખ કરાવે છે અને તેને અન્ય દ્વારા વેચાતા માલથી જુદો પાડે છે.

(2) તે એમ દર્શાવે છે કે બધો જ માલ કે જે એકજ ટ્રેડમાર્ક ધરાવે છે તે એક જ પ્રકારની ગુણવત્તાવાળો છે.

(3) તે માલના વેચાણ અને જાહેરાત માં મુખ્ય સાધન છે.

(4) ટ્રેડમાર્કનો જે ધંધામાં ઉપયોગ થાય છે, તે ધાંધાની પાઘડીનું પ્રતિનિધિત્વ કરતું ચિહ્ન છે.

(5) તે જે ધંધામાં વાપરવામાં આવે છે તેની છાપ ઊભી કરે છે.

(6) ટ્રેડમાર્ક હરીફાઇ અને વસ્તુની ગુણવત્તાની જાળવણીને ઉત્તેજન આપે છે.

તેથી આપણે કહી શકીએ કે જો ટ્રેડમાર્કને રક્ષિત કરવામાં આવે તો તે લોકોને છેતરાવાથી રક્ષણ પૂરું પાડે છે. તેમજ વ્યાજબી હરીફાઇને ઉત્તેજન આપે છે.

**1.2.4 ટ્રેડમાર્ક ના પ્રકારો (Types of Trade Mark) :-**

ટ્રેડમાર્ક માં નીચે પ્રકારના માર્કોનો સમાવેશ થાય છે.

**(1) સાધન :**

સાધન એ એવો માર્ક છે જે ચિત્રાત્મક રજૂઆત કરતો હોય અને જેનો સમાવેશ અન્ય કોઈપણ પ્રકારમાં ન થતો હોય, પ્રાણીઓ, પક્ષીઓ, આડી ઇમારતો... વગેરેનો આ પ્રકારના ટ્રેડમાર્ક માં ઉપયોગ થાય છે.

ઉ.દા. એપલ કમ્પ્યુટરનો કપાયેલ સફરજન વાળો ભાગ, અને 1NBC'S નુ મોરનું ચિત્ર આ પ્રકારના ટ્રેડમાર્કના ઉદાહરણ છે.

**(2) બ્રાંડ :**

માલ અને સેવા પર કરવામાં આવેલ બ્રાંડને આપવામાં આવેલ બ્રાંડ. દા.ત. સાયકલ બ્રાંડ અગરબત્તી.

**(3) લેબલ :**

આ માર્કની અંદર જુદા જુદા સાધનો, શબ્દો અને વર્ણનાત્મક હાવભાવનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે તે કાગળ પર છપાયેલ હોય છે જે માલ પર છાપવામાં આવેલ હોય અથવા તેની સાથેના કન્ટેનર પર છાપવામાં આવેલ હોય છે.

**(4) ટિકિટ :**

તે માલ પર કંઇક ટેગ કરેલું અને તેના પર છાપેલ અથવા પેસ્ટ કરેલું ચિહ્ન હોય તેવું લાગે છે.

દા.ત. Fast Track

**(5) નામ :**

તે કોઇ કંપનીનું નામ, વ્યકતિનું નામ અથવા પેઢીનું નામ કોઇપણ હોઇ શકે તેમાં નામનો સંક્ષેપ, શબ્દ કે અક્ષર વગેરેનો સમાવેશ થઇ શકે.

દા.ત. TATA

**(6) આકાર :**

માલ અથવા પેકિંગનો આકાર, ઠાંકણનો આકાર, ખોખાનો અથવા કન્ટેઈનરનો આકાર પણ ટ્રેડમાર્ક બની શકે.

દા.ત. કોલા કોલા બોટલનો આકાર.

**(7) અક્ષર :**

જુદા જુદા અક્ષરોના સમૂહ થકી બનાવાયેલ હોય એવા માર્ક કે જે વ્યકતિત્વ ધરાવવાની તાકાત ધરાવતો હોય તેનો પણ ટ્રેડમાર્ક તરીકે ઉપયોગ કરી શકાય.

દા.ત. IBM / GM etc..

**(8) અંક :**

અંકોનો પણ માર્ક તરીકે ઉપયોગ થઇ શકે.

દા.ત. 555 (સિગરેટ), 501 (સાબુ).

**(9) પ્રતીક :**

પ્રતીકો પણ ટ્રેડમાર્ક બની શકે. આવા પ્રતીકો કંપનીના લોગો કે બ્રાન્ડ બની શકે, જેનાથી ગ્રાહકો તે કોઇ ખાસ કંપની કે બ્રાન્ડનો છે એમ સરળતાથી સમજી શકે.

દા.ત. BMW, Maruti.

**(10) રંગ :**

રંગોનું સંયોજન પણ માર્ક બની શકે.

દા.ત. કોકાકોલા, ફેન્ટા અને ફ્રૂટ જ્યુસ.

## 1.3 ટ્રેડમાર્ક માટેની યોગ્યતા (T.M. Eligibility) :-

કોઇપણ માર્ક ટ્રેડમાર્ક બને તે માટેની બે પાત્રતા છે.

- ⇨ તેનો ઉપયોગ ધંધા વ્યવસાય માટે થયેલો હોવો જોઇએ.
- ⇨ તે અલગ (distinctive) પ્રકારનો માર્ક હોવો જોઇએ.

1. કોઇપણ માર્ક ટ્રેડમાર્ક ત્યારે જ બની શકે જયારે તે ધંધામાં વપરાતો હોય. ધંધામાં વપરાતો હોય એટલે કે જેનો ઉપયોગ ધંધાકીય પ્રવૃત્તિ માટે કરવામાં આવ્યો હોય અને હરીફાઇની પ્રક્રિયામાં અન્ય વ્યક્તિ દ્વારા તેના માલ અથવા સેવાનો દુરૂપયોગ ન થાય તે માટે થયેલો હોવો જોઇએ. જો કોઇ વ્યકતિ આ પ્રકારના માર્કાનો ઉપયોગ કરવાનું બંધ કરી દે તો તે પાછળથી તેના માટે દાવો કરી શકે નહીં.

2. તે અલગ અથવા વિશિષ્ટ હોવો જોઇએ.

ટ્રેડમાર્ક કાયદા હેઠળ નોંધણી થવા માટે નો માર્ક અલગ પ્રકારનો હોવો જોઇએ. એટલે કે અન્ય સાથે સામ્યતા ધરાવતો ન હોવો જોઇએ અને છેતરામણી ભરેલો પણ ન હોવો જોઇએ. એ એવા પ્રકારનો હોવો જોઇએ કે જેથી તેની ખાસ ઓળખ ઊભી થાય. અને તે માર્ક કોઇપણ માલ કે સેવાને અન્ય વ્યક્તિના માલ કે સેવાથી અલગ

પાડી શકે તેવો હોવો જોઇએ. એક જ જેવા અથવા એક જેવી સામ્યતા ધરાવતા માર્ક ટ્રેડમાર્ક બની શકે નહી.

## 1.4 પાસિંગ ઓફ અને ભ્રામક સમાનતા (Passing off and Deceptively Similar Marks) :-

### 1.4.1 છેતરામણીભરી સામ્યતા (Deceptively Similar) :-

ટ્રેડમાર્ક એક્ટ, ૧૯૯૯ ની કલમ ૨(૧)એચ માં "છેતરામણી ભરી સામ્યતા'ની વ્યાખ્યા આપવામાં આવી છે.

"કોઈપણ માર્ક અન્ય માર્ક સાથે છેતરામણી ભરી સામ્યતા ધરાવે છે. એમ ત્યારે કહેવાય કે જયારે એક માર્ક બીજા માર્ક સાથે એટલી સામ્યતા ધરાવતું હોય કે જેના લીધે એક માર્ક બીજા જેવું લાગતું હોય અને જેના લીધે છેતરાવાની અથવા મૂંઝવણમાં મુકવાની શકયતા હોય."

છેતરામણી ભરી સામ્યતા ધરાવતો ટ્રેડમાર્ક એટલે એવો ટ્રેડમાર્ક કે જે અસ્તિત્વ ધરાવતા ટ્રેડમાર્ક જેવો જ લગભગ સરખો લાગતો હોય, જેનો હેતુ ગ્રાહક ને છેતરવાનો કે મૂંઝવણમાં મુકવાનો હોય.

છેતરામણી ભરી રીતે સામ્યતાને ટ્રેડમાર્ક ભંગ ના કારણ તરીકે ઓળખવામાં આવે છે. ભારતીય કાનુની વ્યવસ્થા હેઠળ છેતરામણી ભરી સામ્યતા ને ટ્રેડમાર્ક એક્ટ હેઠળ નોંધણી માટેની મંજૂરી ન આપવાનું એક કારણ તરીકે ઓળખવામાં આવે છે.

આમ છતાં કાયદામાં કોઇ ચોકકસ માપદંડો રાખવામાં આવ્યા નથી કે જેનાથી છેતરામણી ભરી રીતે સામ્યતાનો વ્યાપ અને વિસ્તાર જાણી શકાય. આ બાબતમાં જે ખોટ અથવા જગ્યા બાકી રહેલ છે, તે પુરવા માટે ન્યાયીક ચુકાદાઓ દ્વારા લેવામાં આવેલ ન્યાયીક દ્રષ્ટિકોણ નો ઉલ્લેખ કરવો જરૂરી બની જાય છે.

ભારતીય અદાલતો દ્વારા જુદા જુદા ચુકાદાઓમાં એ બાબત માટે ઉલ્લેખનીય સિધ્ધાંતો અને માર્ગદર્શિકાઓ આપવામાં આવી છે. અદાલત દ્વારા દેખાવની સામ્યતા, પાઘડી, પ્રતિષ્ઠા, સરખામણી માટેનુંપરિક્ષણ વગેરેને છેતરામણીભરી રીતે સામ્યતાના માપદંડો તરીકે ઓળખવામાં આવે છે. અદાલત દ્વારા આપવામાં આવેલ કેટલાક ચુકાદાઓ.

Ms. Lakme Ltd. V. Ms. Subhash Trading. 1996 (64) DLT 251

આ કેસમાં વાદી (Plaintiff) દાવો કરનાર કોસ્મેટિક ઉત્પાદનનું વેચાણ 'Lakme' નામ હેઠળ કરતા હતા. અને પ્રતિવાદી (Defendant) પણ આવા જ ઉત્પાદનનું વેચાણ "Likeme" નામ હેઠળ વેચાણ કરતા હતા. તેથી વાદીએ ટ્રેડમાર્કના ભંગ માટે દાવો કર્યો હતો.

આ કેસમાં હાઈકોર્ટે એવો ચુકાદો આપ્યો હતો કે બંન્ને નામ જુદા માર્કા અને જુદા દેખાવવાળા તેમજ બંન્નેના સ્પેલિંગ જુદા હોવાના લીધે છેતરામણી ભરી રીતે સામ્યતા ધરાવતા નથી.

બીજો કેસ SM Dyechem Ltd. V. Cadbury (India) Ltd. (2000)5 SCC 673

આ કેસમાં વાદીએ Chips અને Wafer નો ધંધો "PIKNIC" ટ્રેડમાર્ક હેઠળ શરૂ કર્યો પાછળથી સામેવાળાએ ચોકલેટનો ધંધો "PICNIL" નામથી શરૂ કર્યો. ટ્રેડમાર્ક ભંગ માટેનો કેસ દાખલ કરવામાં આવ્યો.

આ કેસમાં અદાલતે ટ્રેડમાર્કના દેખાવ અને શબ્દોના સંગઠનમાં ફેરફાર હોવાના લીધે છેતરામણી ભરી સામ્યતા ધરાવતા નથી એવો ચુકાદો આપ્યો.

Cadila Health Care Ltd. V. Cadila Pharmaceutical Ltd. (2001) 5 SCC 73

આ કેસમાં વાદી "Falcitab" ના નામ હેઠળ દવાનું ઉત્પાદન કરતા હતા. સામેવાળા "Falcigo" ના નામ હેઠળ દવાનું ઉત્પાદન કરતા હતા. બંન્ને દવાઓ એક જ પ્રકારના રોગના ઉપચારમાં વપરાતી હતી, તેથી વાદીએ પ્રતિવાદી સામે દાવો કરી મનાઇ હુકમ માંગ્યો હતો.

આ કેસમાં અદાલતે એવો ચુકાદો આપ્યો હતો કે મેડિકલ ઉત્પાદન હોવાના લીધે બ્રાંડના નામમાં વધુ સાવચેતી અને ધ્યાન રાખવું જોઇએ, તેથી બંન્ને વચ્ચે શાબ્દીક સામ્યતા હોવાના લીધે તે છેતરામણી ભરી રીતે સામ્યતા ધરાવે છે એવું ઠરાવવામાં આવ્યું. આ કેસમાં સુપ્રિમ કોર્ટે છેતરામણી ભરી રીતે સામ્યતા માટે કેટલીક માર્ગદર્શિકાઓ આપી હતી.

### 1.5.2 પાસિંગ ઓફ (Passing off) :-

પાસિંગ ઓફ એ કોમન લો હેઠળ અપકૃત્ય (Tort) છે. જેનો અમલ નોંધાયેલ ન હોય તેવા ટ્રેડમાર્કના અધિકારો નો ઉપયોગ થયો હોય ત્યારે કરવામાં આવે છે. પાસિંગ ઓફ ના દાવા દ્વારા એક વ્યક્તિને તેનો માલ અને સેવા બીજા જેવી છે તેવી ગેરરજૂઆત કરવાથી રોકવામાં આવે છે. પાસિંગ ઓફ નો ખ્યાલ પહેલા માત્ર માલને જ લાગુ પાડવામાં આવતો, પછી તે સેવાઓને પણ લાગુ પાડવામાં આવ્યો. વધારામાં તે વ્યવસાય અને બિન વેચાણ પ્રવૃત્તિઓ સુધી વિસ્તારવામાં આવ્યો અને આજે તે ઘણા પ્રકારના અયોગ્ય વેપાર, અયોગ્ય હરીફાઇમાં લાગુ પાડવામાં આવે છે.

❖ **પાસિંગ ઓફના તત્ત્વો (Elements of Passing off) :-**

પાસિંગ ઓફના મુખ્ય ત્રણ તત્ત્વો છે.

(1) પ્રતિષ્ઠા (Reputation)

(2) ગેરરજૂઆત (Misrepresentation)

(3) પાઘડીને નુકસાન (Loose of Goodwill)

પાસિંગ ઓફના દાવામાં આ ત્રણેય તત્ત્વોની હાજરી હોવી જરૂરી છે.

❖ **પાસિંગ ઓફને લગતાં કેટલાક ચુકાદાઓ.**

Reckitt & colman Ltd v. Borden Inc. (1990) RPC 341 (HL)

આ કેસમાં જણાવવામાં આવ્યું છે કે પાસિંગ ઓફ ના દાવા માટે વાદીએ (૧) સૌ પ્રથમ પોતાના માલ અથવા સેવા સાથે સંકળાયેલ પ્રતિષ્ઠા અથવા પાઘડી ને પ્રસ્થાપીત કરવી પડે છે. (૨) તેને પ્રતિવાદી દ્વારા લોકોને ગેરરજૂઆત કરવામાં આવેલ છે, તેમ સાબિત કરવું પડે છે. એટલે કે પ્રતિવાદી દ્વારા લોકોને પોતાનો માલ કે સેવા વાદીના માલ કે સેવા જેવો જ છે એમ માનવા માટે પ્રેરેલ હોય. (૩) અને વાદીએ આવી રજૂઆતના કારણે નુકસાન વેઠવું પડયું છે એવું સાબિત કરવું પડે છે.

❖ **પાસિંગ ઓફના આધુનિક તત્ત્વો (Modern Elements of Passing off) :-**

Erven Warnink v. Townend 3. 1979 AC 731 માં Lord Diplock દ્વારા આધુનિક તત્ત્વો આપવામાં આવ્યા.

(1) ગેરરજૂઆત.

(2) ધંધાની પ્રક્રિયા દરમ્યાન કરવામાં આવેલ હોય.

(3) તેના દ્વારા માલ કે સેવા પુરા પાડવામાં આવેલ હાલના ગ્રાહકો અને ભવિષ્યના ગ્રાહકોને રજૂઆત.

(4) જેને બીજાના માલ કે પાઘડીને નુકસાન કારક ગણી શકાય.

(૫) જેના દ્વારા દાવો કરવામાં આવેલ હોય તેવા વેપારીની પ્રતિષ્ઠા અથવા પાઘડી ને થયેલ વાસ્તવિક નુકસાન.

Honda Motors Co. Ltd V. Charanjitsingh & Others 2003 (26) PTC 1

વાદી "HONDA" ટ્રેડમાર્ક નો ઉપયોગ ઓટોમોબાઈલ સાધનો માટે કરતા હતા, પ્રતિવાદીએ "HONDA" માર્ક નો ઉપયોગ પોતાના પ્રેસર કુકર માટે વાપરવાનો શરૂ કર્યો. આ કેસમાં વાદી દ્વારા પ્રતિવાદી સામે તેના ટ્રેડમાર્ક પાસિંગ ઓફ કરવા માટેનો દાવો કરવામાં આવ્યો. આ કેસમાં ઠરાવવામાં આવ્યું કે, પ્રતિવાદી દ્વારા કરવામાં આવતા ટ્રેડમાર્કના ઉપયોગના કારણે લોકોમાં મૂંઝવણ ઊભી થઈ શકતી હતી. અને આ કારણને લીધે વાદીનો દાવો મંજૂર કરવામાં આવ્યો.

ટ્રેડમાર્ક એકટ હેઠળ નોંધાયેલ માલ કે સેવાને રક્ષણ મળે છે. પરંતુ પાસિંગ ઓફના દાવાથી બિન નોંધાયેલ માલ અને સેવાને રક્ષણ મળે છે.

⇨ ભંગ અને પાસિંગ ઓફ વચ્ચે તફાવત.

Durga Datt V. N.P.Laboratories AIR 1952 SC 980

આ કેસમાં સુપ્રીમ કોર્ટ ભંગ અને પાસિંગ ઓફ વચ્ચેનો તફાવત આપ્યો છે.

⇨ ભંગ માટેનો દાવો વૈધાનિક છે. જે નોંધાયેલ માલિકને નોંધાયેલ ટ્રેડમાર્ક વાપરવાનો સંપૂર્ણ અધિકાર તેના માલ કે સેવાના સંદર્ભમાં આપવામાં આવે છે. જયારે પાસિંગ ઓફનો દાવાનો ઉપાય બિન નોંધાયેલ માલ કે સેવાને પણ પ્રાપ્ત થાય છે.

⇨ ભંગના કિસ્સામાં પ્રતિવાદી દ્વારા વાદીના નોંધાયેલ ટ્રેડમાર્કનો ઉપયોગ થયેલો હોવો જોઈએ. જયારે પાસિંગ ઓફના દાવામાં પ્રતિવાદી દ્વારા વાદીના ટ્રેડમાર્કનો ઉપયોગ થયેલો હોવો જરૂરી નથી.

## 1.5 ટ્રેડમાર્કનો સમયગાળો (Term of TM) :-

ટ્રેડમાર્ક એ અનન્ય ચિત્ર અથવા શબ્દો છે, જે ધંધો અથવા ઉત્પાદનને દર્શાવે છે. એક વખત ટ્રેડમાર્કની નોંધણી થઈ જાય ત્યારબાદ તેનો ઉપયોગ અન્ય કોઈ સંસ્થા દ્વારા થઈ શકતો નથી. ટ્રેડમાર્કના અધિકારનો ઉપયોગ જયાં સુધી તેનો માલિક પોતાના માલ કે સેવા માટે તેને વાપરવાનું ચાલુ રાખે તેટલા સમય સુધી ચાલુ રહે છે.

ટ્રેડમાર્ક નોંધણીની અવધિ બદલાઈ શકે છે, પરંતુ સામાન્ય રીતે તે દસ વર્ષ હોય છે. વધારાની ફીની ચુકવણી પર અનિશ્ચિત સમય માટે તેનું નવીકરણ કરી શકાય છે. ટ્રેડમાર્ક અધિકારો ખાનગી અધિકાર છે અને અદાલતના આદેશો દ્વારા રક્ષણ લાગુ કરવામાં આવે છે.

### ❖ ભારતમાં ટ્રેડમાર્કનો સમયગાળો કેટલો છે ?

ટ્રેડમાર્કની નોંધણીની મુદત દસ વર્ષ છે, જે નિર્ધારિત નવીનીકરણ ફીની ચુકવણી પર

દસ વર્ષના વધુ સમયગાળા માટે નવીનીકરણ કરી શકાય છે. જો પાંચ વર્ષના સતત સમયગાળા માટે નોંધાયેલ ટ્રેડમાર્કનો ઉપયોગ ન કરવામાં આવે તો, એ કોઈપણ નારાજ થયેલ પક્ષકાર માટે આવા ટ્રેડમાર્કની નોંધણી રદ કરાવવાનું કારણ બની શકે.

USPTO (Lnited Stete Paterit Trcad mark office) માં જે વ્યક્તિએ ટ્રેડમાર્ક નોંધણી કરાવી હોય તેને નોંધણી કરાવ્યા પછી પાંચથી સાત વર્ષની વચ્ચે પોતાનો ટ્રેડમાર્ક વપરાશમાં છે એ અંગેનું સોગંદનામું આપવાનું રહે છે, અને જો આવું સોગંદનામું રજૂ કરવામાં ન આવે તો નોંધણી આપોઆપ રદ થાય છે.

## 1.6 ટ્રેડમાર્ક મેળવવા પાત્રતા ધરાવતા વ્યક્તિઓ (Who is Eligible to apply for TM)

કોઈપણ વ્યકતિ અથવા સંસ્થા કંપની તેમના ઉત્પાદન અથવા સેવાને સુરક્ષિત રાખવા માટે ટ્રેડમાર્ક માટે અરજી કરી શકે છે. કોઈપણ વ્યકતિ, કંપની, પેઢી અથવા ટ્રેડમાર્કના માલિક હોવાનો દાવો કરનાર પક્ષકાર, તેમજ જે કાનૂની અસ્તિત્વ ધરાવે છે તે પણ ટ્રેડમાર્ક નોંધણી માટે દાવો કરી શકે છે.

(1) સંયુકત માલિકો (Joint Owner) કંપનીના સંયુકત માલિકો સાથે મળીને ટ્રેડમાર્ક માટે અરજી કરી શકે.

(2) માલિકીની પેઢી (Proprietorship Firm) માલિકીની પેઢી એ અલગ અસ્તિત્વ ધરાવતી નથી એટલે કે જે વ્યકતિ વ્યવસાય ચલાવે છે તે વ્યકતિ જ તેના દેવા માટે સંપૂર્ણ જવાબદાર છે, તેથી આવી પેઢી તેના માલિકના નામ હેઠળ ટ્રેડમાર્ક માટે અરજી કરી શકે છે. પરંતુ વ્યવસાય નામ અને માલિકીના નામ હેઠળ નહી.

(3) ભાગીદારી પેઢી (Partnership Firm) ભારતીય ભાગીદારી અધિનિયમ દ્વારા સંચાલીત ભાગીદારી પેઢી કે જેમાં બે કે તેથી વધુ વ્યક્તિઓ નફો કરવાના ઉદ્દેશથી ભાગીદારો તરીકે એક સાથે વ્યવસાય ચલાવે છે, અને જેનો ઉલ્લેખ ભાગીદારી કરારમાં કરવામાં આવેલો હોય તો આવી પેઢી ટ્રેડમાર્ક નોંધણી માટે અરજી કરી શકે છે. તે માટે નોંધણી કરતી વખતે ભાગીદારી કંપનીએ અરજોમાં બધા ભાગીદારોના નામનો ઉલ્લેખ કરવો પડશે. અથવા વધુમાં વધુ 10 ભાગીદારોના નામનો ઉલ્લેખ કરવો પડશે. જો સગીર ભાગીદાર હોય તો તેવા સગીર ભાગીદારના વાલીનું નામ જણાવવું પડે છે.

(4) મર્યાદિત જવાબદારી ભાગીદારી (Limited Liability Partnership) માર્યાદિત જવાબદારી ભાગીદારી (LLP) કંપનીઓ તેમની પોતાની ઓળખ ધરાવતી હોવાના લીધે અસ્તિત્વમાં આવેલી હોવાથી આવી કંપનીઓ સંબંધીત એલએલપી (LLP) ના નામ હેઠળ ટ્રેડમાર્ક નોંધણી માટે અરજી કરી શકે છે. જો કે ભાગીદાર પોતે અરજદાર બની શકે નહી.

(5) ભારતીય કંપની (Indian Company) કોઇપણ ભારતીય કંપની ભલે એવી કંપની ખાનગી મર્યાદિત (Pvt. Ltd.) અથવા મર્યાદિત (Ltd.) અથવા અન્ય કોઇપણ પ્રકારની હોય; તે કંપનીના નામે અરજી કરી શકે. અહી ઉલ્લેખનીય છે કે કોઇપણ નિયમિત થયેલ સંસ્થાની પોતાની અલગ ઓળખ અને અલગ અસ્તિત્વ હોવાના લીધે કંપનીના ડિરેકટર ટ્રેડમાર્કની નોંધણી માટે અરજદાર હોઇ શકે નહી.

(6) સંસ્થા કે ટ્રસ્ટ (Society or Trust) ટ્રસ્ટ અથવા સોસાયટી બંને ટ્રેડમાર્ક નોંધણી માટે

અરજી કરી શકે છે. જો કે આવી નોંધણી ટ્રસ્ટ કે સોસાયટી વતી કરવામાં આવતી હોય તો અરજામાં અધ્યક્ષ, મેનેજીંગ ટ્રસ્ટી અને સચિવના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે.

(7) એક વ્યક્તિ અથવા વ્યકતિ (An Individual or Person) કોઇપણ વ્યક્તિ તેમના પોતાના નામે ટ્રેડમાર્ક નોંધણી કરાવી શકે છે. આવી વ્યક્તિએ વ્યવસાય કરવો જરૂરી નથી.

❖ **ટ્રેડમાર્ક નોંધણી :-**

ટ્રેડમાર્ક નોંધણી માટે રજીસ્ટ્રાર સમક્ષ અરજી કરવી આવશ્યક છે અને આ અરજીમાં નીચે પ્રમાણેની વિગતો હોવી જરૂરી છે.

1. લોગો અથવા ટ્રેડમાર્ક.
2. માલિકનું નામ અને સરનામું.
3. વર્ગીકરણ અથવા ટ્રેડમાર્કનો વર્ગ.
4. તારીખથી ટ્રેડમાર્કનો ઉપયોગ.
5. માલ અથવા સેવાનું વર્ણન.

એકવાર ટ્રેડમાર્ક નોંધણી અરજી ટ્રેડમાર્ક રજીસ્ટ્રાર સમક્ષ ફાઇલ થઇ જાય પછી એક અથવા બે કાર્યકારી દિવસોમાં ટ્રેડમાર્ક અરજી ફાળવણી પ્રદાન કરવામાં આવે છે.

## 1.7 પ્રાપ્ત અધિકારો (Rights Conferred) :-

⇨ ટ્રેડમાર્કના અધિકારોને ટ્રેડમાર્કના વ્યક્તિત્વના દ્રષ્ટિકોણથી જોવામાં આવે છે. કોઇપણ માર્કનો જયારે કોઇ માલ કે સેવા પર ઉપયોગ કરવામાં આવે ત્યારે આ માર્કના આધારે તેનું ઉદ્દભવ સ્થાન અને ધંધો કરવાની પ્રક્રિયામાં રહેલ જુદા-જુદા કાર્યોને અલગ પાડે છે. તે માર્ક ટ્રેડમાર્ક બને છે. સાથે સાથે ટ્રેડમાર્ક હેઠળના અધિકારો ભોગવવા લાગે છે. આ માર્કનો જે વ્યક્તિ ઉપયોગ કરે છે તે તેનો માલિક બને છે. ટ્રેડમાર્ક અધિકારો આવા ટ્રેડમાર્કનો ઉપયોગ માલ કે સેવા પર કર્યા પહેલા તેની નોંધણી માટેની અરજી કરીને પણ મેળવી શકે છે. આવા અધિકાર ધરાવનાર વ્યક્તિ પોતાના અધિકારનો વિસ્તાર ત્રણ રીતે કરી શકે છે.

⇨ ટ્રેડમાર્કનો ઉપયોગ એક કરતાં વધારે માલ અથવા સેવા પર કરીને.

⇨ ટ્રેડમાર્કનો ઉપયોગ વધારે વિસ્તારમાં કરીને.

⇨ કોઇ એક ટ્રેડમાર્કને નાના ફેરફાર સાથે વાપરીને.

આમ આ રીતે ટ્રેડમાર્ક ધરાવનાર વ્યક્તિ દ્વારા લેવામાં આવેલ ટ્રેડમાર્કથી આ પ્રકારના અન્ય અધિકારો પ્રાપ્ત થાય છે, અને એનાથી એક ટ્રેડમાર્કને સમાન હોય તેવા ટ્રેડમાર્કનો ઉપયોગ અટકાવી શકે છે.

### 1.7.1 નોંધણી અરજી કરવાથી પ્રાપ્ત થતા અધિકારો (Rights Conferred by Registration Application) :-

જયારે કોઇ વ્યક્તિ કે સંસ્થા ટ્રેડમાર્કની નોંધણી માટે અરજી કરે છે કે તરત જ

તેનામાં કેટલાક અધિકારો સ્થાપિત થઇ જાય છે.

**(1) પુરાવા તરીકે :**

તે ટ્રેડમાર્કનો સ્વિકાર અને પસંદગી નિર્દિટ માલ અથવા સેવા માટે કરવામાં આવેલ છે, આ બાબતનો પુરાવો આપે છે.

**(2) પ્રાથમિકતા મળે છે :-**

અરજી કરવા માત્રથી તે અન્ય સમાન અથવા એકરૂપ લાગતા માર્ક કે જેની એક જેવા લાગતા માલ કે સેવા માટેનો માર્ક નોંધણી કરવાની અરજી કરેલ ન હોય તેવા માર્કના સામે પ્રાથમિકતા પ્રાપ્ત કરે છે, જયારે આવા સમાન માર્ક અરજી કરે અથવા તેનો ઉપયોગ કરે ત્યારે આ પ્રાથમિકતા પેરીસ (Paris) સમજુતી અને વર્લ્ડ ટ્રેડ ઓફ નાઈઝેશન (WTO)ના તમામ દેશોને લાગુ પડે છે.

જો અરજદાર અન્ય દેશમાં અરજી કરવા માંગતો હોય તો આવી અરજી પ્રથમ એણે જે તારીખે જે દેશમાં કરેલ હશે તે તારીખ અરજીની તારીખ હોવાનું માનવામાં આવશે.

**1.7.2 નોંધણી થાય ત્યારે પ્રાપ્ત થતા અધિકારો**

(Rights Conferred on the registered trademark) :-

ટ્રેડમાર્કની નોંધણી કરાવવાથી નોંધણી કરાવનારને નીચેના અધિકારો પ્રાપ્ત થાય છે.

(1) સંપૂર્ણ અધિકારનો ભોગવટો. નોંધણી કરેલ માલિકને ટ્રેડમાર્કનો ઉપયોગ કરવાનો સંપૂર્ણ અધિકાર મળે છે. આવો સંપૂર્ણ અધિકાર જે માલ કે સેવા માટે આવો ટ્રેડમાર્ક નોંધણી કરાવવામાં આવેલ હોય તેના સંદર્ભમાં પ્રાપ્ત થાય છે.

(2) સંપૂર્ણ અધિકારોમાં અન્ય બાબતોનો સમાવેશ. જો ટ્રેડમાર્કમાં એક કરતા વધારે બાબતોનો સમાવેશ થતો હોય તો ત્યારે ઉપયોગ કરવાના સંપૂર્ણ અધિકારમાં એ તમામ બાબતોનો સમાવેશ થાય છે.

(3) ઉપાય મેળવવાના અધિકાર. તેનાથી નોંધણી કરેલ માલિકને ટ્રેડમાર્ક એક્ટ, ૧૯૯૯ હેઠળ ભંગ માટે મળતા ઉપાયો પ્રાપ્ત કરવાનો અધિકાર છે. જયારે ટ્રેડમાર્કના સમાન માર્કનો ઉપયોગ....

- ➪ એક જ માલ કે સેવા માટે થયો હોય.
- ➪ સમાન માલ કે સેવા માટે થયો હોય.
- ➪ જયારે નોંધાયેલ ટ્રેડમાર્ક સમગ્ર ભારતમાં પ્રતિષ્ઠા ધરાવતો હોય ત્યારે અસમાન માલ કે સેવા માટે થયો હોય.

ઉપરોકત તમામ કિસ્સામાં નોંધણી કરાવેલ માલિકને આ અધિકાર પ્રાપ્ત થાય છે.

**(1) અન્યને ઉપયોગ કરતા અટકાવવાનો અધિકાર :**

નોંધણી થઇ ગયા પછી નોંધાયેલ ટ્રેડમાર્કનો માલિક અન્યને આવા માર્ક કે પેકિંગનો ઉપયોગ કરતા અટકાવી શકે છે. જે નોંધાયેલ ટ્રેડમાર્ક સાથે સંબંધ દર્શાવતો હોય અથવા અન્ય કોઇપણ રીતે ટ્રેડમાર્કની કિમતમાં ઘટાડો કરે અથવા કિંમતનો નાશ

કરતો હોય. આ એક નવા પ્રકારનો અધિકાર છે. જે સમાનતા પર આધાર રાખે છે.

**(2) અન્ય વ્યક્તિ દ્વારા વપરાશ અથવા નોંધણી પર પ્રતિબંધનો અધિકાર :**

ટ્રેડમાર્કની નોંધણીથી અન્ય કોઈપણ વ્યક્તિને નોંધાયેલ ટ્રેડમાર્કનો વપરાશ કરવાની અથવા તેના સમાન ટ્રેડમાર્કની નોંધણી કરાવવાથી અટકાવવામાં આવે છે.

**(3) સમાન ટ્રેડમાર્કની નોંધણી પર અંકુશ :**

એકવાર માલ કે સેવા માટે ટ્રેડમાર્કની નોંધણી કરાવ્યા પછી તેના જેવા અથવા મૂંઝવણમાં મુકે એવી રીતે સમાન ટ્રેડમાર્કની નોંધણી થઇ શકે નહી.

**(4) માલ કે સેવા માટે ટ્રેડમાર્ક :**

માલ કે સેવા માટે ટ્રેડમાર્કની નોંધણી થઇ ગયા પછી જો આ ટ્રેડમાર્ક સારી પ્રતિષ્ઠા ધરાવતો હોય તો આવા ટ્રેડમાર્કના જેવા અથવા તેની સમાન લાગે તેવા ટ્રેડમાર્કની નોંધણી થઇ શકે નહીં.

**(5) દાવો કરવાનો અધિકાર :**

એકવાર ટ્રેડમાર્કની નોંધણી થઇ જાય ત્યારબાદ જો અન્ય કોઇ વ્યક્તિ દ્વારા ટ્રેડમાર્ક નોંધણી કરાવવામાં આવે અને આવો ટ્રેડમાર્ક મૂંઝવણમાં મુકે તેવી સમાનતા ધરાવતો હોય ત્યારે આવી વ્યક્તિ અદાલતમાં (પાસિંગ ઓફ) નો દાવો કરીને તેને અટકાવી શકે છે.

**(6)** રજેસ્ટર્ડ થયેલ ટ્રેડમાર્કનો ઉપયોગ અન્ય કોઇ વ્યક્તિ દ્વારા ધંધાના કોઇ કાગળો પર અને જાહેરાત માં થઇ શકે નહીં.

**(7)** નોંધાયેલ ટ્રેડમાર્ક માલ અને સેવાના આયાત નિકાસને પણ મર્યાદિત કરે છે.

**(8)** માલ કે સેવા માટેના ટ્રેડમાર્કનો માલિક કે નોંધાયેલ ટ્રેડમાર્કનો ઉપયોગ ધંધાના નામ અથવા ધંધાના નામના ભાગ અથવા ધંધા સાથે સંકળાયેલ વ્યવહારોમાં અન્ય વ્યક્તિ ન કરી શકે તે માટે અટકાવવાનો અધિકાર ધરાવે છે.

**(9)** નોંધાયેલ ટ્રેડમાર્કને નહિ નોંધાયેલ ટ્રેડમાર્કમાં સ્થાપિત બધાજ અધિકારો ભોગવવાનો અધિકાર છે. નોંધણી કરાવવાથી નહિ નોંધાયેલ ટ્રેડમાર્કનો માલિક નોંધાયેલ ટ્રેડમાર્કનો માલિક બને છે.

## 1.8 સારાંશ

વર્તમાન સ્પર્ધાના સમયમાં કોઇપણ વ્યક્તિએ જેનું સર્જન પોતાની બુધ્ધિ દ્વારા કરેલ હોય તેને બૌધ્ધિક સંપદાના અધિકારો હેઠળ રક્ષણ પ્રાપ્ત થાય છે. આ રક્ષણ માત્ર અધિકાર મેળવનાર વ્યક્તિના અધિકારોનું જ નહિ પરંતુ સાથે સાથે ગ્રાહકોનું પણ રક્ષણ કરે છે. ટ્રેડમાર્ક હેઠળ પ્રાપ્ત થતા જુદા જુદા અધિકારો હાલના સ્પર્ધાત્મક સમયમાં ધંધા કે સેવાની પોતાની ઓળખ જાળવવામાં, શાખ ઉભી કરવામાં અને હરિફાઇમાં ટકી રહેવામાં ખુબજ મહત્વનો ભાગ ભજવે છે. વિધાર્થી મિત્રો આપણે આ પ્રકરણમાં ટ્રેડમાર્ક શું છે તે કોને કોને રક્ષણ પુરૂ પાડે છે. તે વિશેની સમજ મેળવી. નોંધાયેલ અને નહિ નોંધાયેલ ટ્રેડમાર્કમાં શું તફાવત છે તેમજ તેનાથી કયા કયા અધિકારો મળે છે, તે વિશે પણ ચર્ચા કરી. આ ઉપરથી આપણને હાલના સમયમાં ટ્રેડમાર્કની અગત્યતાનો પણ ખ્યાલ આવી જાય છે. ટ્રેડમાર્કનો કાયદો આ વિશેની વિસ્તૃત માહિતી ધરાવે છે. બદલાતા સમયની સાથે થતા ફેરફારો પણ આપણને આ કાયદાના અભ્યાસની અગત્યતા સમજાવે છે.

## 1.9 તમારી પ્રગતિ ચકાસો

પ્રશ્ન-1 ટ્રેડમાર્ક એટલે શું ? તેની વ્યાખ્યા આપી તેના લક્ષણો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

પ્રશ્ન-2 ટ્રેડમાર્કની અગત્યતા અને તેના કાર્યો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

પ્રશ્ન-3 ટ્રેડમાર્કના વિવિધ પ્રકારો જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

પ્રશ્ન-4 પાસીંગ ઓફ એટલે શું ? તેના તત્વો કેસ લો સહિત જણાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **ટૂંકનોંધ લખો.**

(1) છેતરામણીભરી સામ્યતા.

..........................................................................

..........................................................................

..........................................................................

.......................................................................

.......................................................................

(2) ટ્રેડમાર્ક અરજી કરવા માટેની પાત્રતા.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

(3) ટ્રેડમાર્ક હેઠળ પ્રાપ્ત થતા અધિકારો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

- **બહુવિકલ્પીય (ઓબ્જેકટીવ) પ્રશ્નો.**

(1) બૌધ્ધિક સંપત્તિનો અધિકાર કઇ મિલકતોને મળે છે ?

(અ) વાસ્તવિક મિલકત (ક) ખાનગી મિલકત

(બ) અવાસ્તવિક મિલકત (ડ) ઉપરોકત તમામ

જવાબ..... (બ)

(2) ટ્રેડમાર્ક શબ્દની વ્યાખ્યા ટ્રેડમાર્ક એકટ, 1999 હેઠળ કઇ કલમમાં આપવામાં આવી છે ?

(અ) કલમ-2(1)(બી) (ક) કલમ-2(1)(ઝેડબી)

(બ) કલમ-2(1)(ઝેડએ) (ડ) ઉપર પૈકી એકપણ નહી

જવાબ..... (ક)

(3) છેતરામણી ભરી રીતે સામ્યતાની વ્યાખ્યા ટ્રેડમાર્ક એકટ, 1999 માં કઇ કલમમાં આપવામાં આવેલ છે ?

(અ) કલમ-2(1) એચ (ક) કલમ-2(1) ઓ

(બ) કલમ-2(1) એસ (ડ) કલમ-2(1) આર

જવાબ..... (અ)

(4) પાસીંગ ઓફ ના દાવાનો અધિકાર કયા ટ્રેડમાર્કને મળે છે ?

(અ) નોંધાયેલ (ક) (અ) અને (બ) બંન્ને

(બ) નહિ નોંધાયેલ (ડ) (અ) અને (બ) બંન્ને માંથી એકપણ નહી

જવાબ..... (ક)

(5) ટ્રેડમાર્ક નોંધણી ની મુદ્દત સામાન્ય રીતે કેટલા વર્ષની હોય છે ?

(અ) પાંચ વર્ષ (ક) સાત વર્ષ

(બ) દસ વર્ષ (ડ) ઉપરોક્ત પૈકી એક પણ નહી

જવાબ..... (બ)

(6) નોંધણીની અરજી કરવાથી પ્રાપ્ત થતા અધિકારો પૈકી પ્રાથમિકતાનો અધિકાર કયા કયા દેશોમાં લાગુ પડે છે ?

(અ) WTO ના સભ્ય દેશો (ક) (અ) અને (બ) બંન્ને

(બ) Paris સમજુતી સ્વિકારનાર દેશો (ડ) (અ) અને (બ) બંન્ને માંથી એકપણ નહી

જવાબ..... (ક)

(7) ધ ટ્રેડમાર્ક એકટ, 1999 હેઠળ ટ્રેડમાર્કની નોંધણી..

(અ) ફરજીયાત છે. (ક) હિતાવહ છે.

(બ) ફરજીયાત નથી. (ડ) (બ) અને (ક) બંન્ને

જવાબ..... (ડ)

(8) ધ ટ્રેડમાર્ક એકટ, 1999 નો કાયદો કયાં લાગુ પડે છે ?

(અ) સમગ્ર ભારતમાં (ક) કેન્દ્રશાસીત પ્રદેશ સીવાય ભારતમાં

(બ) જમ્મુ-કાશ્મીર સીવાય સમગ્ર ભારતમાં (ડ) ભારતના માત્ર મોટા શહેરોમાં

જવાબ..... (અ)

(9) પાસીંગ ઓફના તત્વોમાં શેનો સમાવેશ થાય છે ?

(અ) ગેરરજુઆત (ક) પાઘડીને નુકશાન

(બ) પ્રતિષ્ઠા (ડ) ઉપરોક્ત પૈકી તમામ

જવાબ..... (ડ)

(10) ટ્રેડમાર્કના અધિકારનો વિસ્તાર કઇ રીતે થઇ શકે ?

(અ) એક કરતા વધારે માલ કે સેવાપર કરીને

(ક) ટ્રેડમાર્કને નાના ફેરફાર સાથે વાપરીને

(બ) વધારે વિસ્તારમાં વધારીને

(ડ) ઉપરોક્ત તમામ

જવાબ..... (ડ)

## 1.10 ચાવીરૂપ શબ્દો

- **બૌધ્ધિક સંપદા :** બૌધ્ધિક સંપદા એ અવાસ્તવિક મિલકતનો એક પ્રકાર છે. જેમાં માણસની બુધ્ધિનો ઉપયોગ થયેલ હોય.

- **અવાસ્તવિક મિલકતો :** એવી મિલકતો જેને જોઇ શકાય નહિ તેમજ અડકી શકાય નહી. આવી મિલકતોની તબદિલી થઇ શકે છે અને માલીકી પણ ધરાવી શકાય છે.

  દા.ત. ધંધાની પાઘડી, શાખ.

- **રજીસ્ટાર :** કેન્દ્ર સરકાર દ્વારા જાહેરનામું બહાર પાડીને જે વ્યક્તિને પેટન્ટ, ડિઝાઇન અને ટ્રેડમાર્ક માટે કન્ટ્રોલર જનરલ તરીકે નિમણુંક કરવામાં આવે છે, તેમને ટ્રેડમાર્કના કાયદા હેઠળ ટ્રેડમાર્કના રજીસ્ટાર તરીકે ઓળખવામાં આવે છે.

- **TM :** TM ચિહ્નનો ઉપયોગ કોઇપણ વ્યક્તિ અથવા ધંધા દ્વારા કોઇ શબ્દ, વાકય અથવા લોગો નો ઉપયોગ ઉત્પાદન કે સેવાના સ્ત્રોત દર્શાવવા માટે કરવામાં આવેલ છે, એવું દર્શાવે છે.

- **R :** આ ચિહ્નનો ઉપયોગ કોઇપણ શબ્દ, વાકય અથવા લોગો કોઇ સેવા કે ઉત્પાદન માટે નોંધાવેલ ટ્રેડમાર્ક છે, એવું દર્શાવે છે.

- **પાત્રતા :** જરૂરી હોય તેવી લાયકાતો અથવા જરૂરી હોય તેવી શરતો.

- **વાદી (Plaintiff) :** દિવાની દાવમાં જે વ્યક્તિ દ્વારા દાવો કરવામાં આવ્યા હોય તે વ્યક્તિ.

## 1.11 સંદર્ભ સૂચિ

1 Law relating to Intellectual property. Author,... Dr. B.L.Wadhera; Publisher...Universal Law publishing

2 Iyengar's Commentatory on The Trade Marks Act; Publisher,.. Univarshal Law Publishing

3 The Trade Mark Act, 1999 (Bare Act)

***********************

એકમ 2

# ટ્રેડ સિક્રેટ

**-: રૂપરેખા :-**

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 અર્થ અને વ્યાખ્યા**

**2.3 ટ્રેડ સિક્રેટ માટેના યોગ્ય કામ**

**2.4 ટ્રેડ સિક્રેટ અને ભારતીય કાયદાઓ**

**2.5 ટ્રેડ સિક્રેટની મુદત**

**2.6 ટ્રેડ સિક્રેટ અંતર્ગત અધિકારો**

**2.7 ટ્રેડ સિક્રેટનો ભંગ કરતા મુખ્ય તત્ત્વો**

**2.8 સારાંશ**

**2.9 તમારી પ્રગતિ ચકાસો**

**2.10 ચાવીરૂપ શબ્દો**

**2.11 સંદર્ભ સૂચિ**

## 2.0 ઉદ્દેશો :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

ટ્રેડ સિક્રેટ નું મુખ્ય ઉદ્દેશ રહસ્યમય વ્યવહારો અને પ્રક્રિયાને જાળવી રાખવા અને કંપનીને કોઈ આથિક નુકસાન ન થાય તેના માટે રક્ષણ મેળવવાનો છે.

- ટ્રેડ સિક્રેટની વ્યાખ્યા સમજી શકશો.
- ટ્રેડ સિક્રેટ અને ભારતીય કાયદાઓની માહિતી મેળવી શકશો.
- ટ્રેડ સિક્રેટની મુદત સમજી શકશો.
- ટ્રેડ સિક્રેટ અંતર્ગત અધિકારો જાણશો.

## 2.1 પ્રસ્તાવના :

વિવિધ ભૌતિક સંપત્તિઓ જેવી કે પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ અને ટ્રેડ સિક્રેટ વગેરેમાં દરેકનું વિશિષ્ટ મહત્વ છે. સિક્રેટ નો મુખ્ય ફાયદો એ છે કે તેમાં સમયની કોઈ મર્યાદા નથી. કોઈપણ મહત્વની બાબત જેવી કે ફોર્મ્યુલા માહિતી, રીત, પદ્ધતિ વગેરેને જાળવવા માટે યોગ્ય પગલા લીધા હોય અને ટ્રેડ સિક્રેટની નોંધણી કરાવેલ હોય તો તેનું રક્ષણ મેળવી શકાય છે. આ એકમમાં ટ્રેડ સિક્રેટ વિશે વધુ માહિતી મેળવી તેનું રક્ષણ કેવી રીતે થાય, તેના રસ્તા કયા પ્રમાણે છે, તેના યોગ્ય કામ કેવા છે, ભારતમાં કયા કાયદાઓ અસ્તિત્વમાં છે આ બધી જ માહિતી વિશે જાણકારી મેળવીશું.

## 2.2 અર્થ અને વ્યાખ્યા :

❖ **ટ્રેડ સિક્રેટની વ્યાખ્યા :**

- **ટ્રેડ સિક્રેટ એટલે એવી દરેક માહિતી જે;**

1. ધંધાકીય એકમો છે. જાહેર જનતાને આ માહિતી અંગેની જાણ ન હોય,
2. તે તેના માલિકને ચોક્કસ પ્રમાણે આર્થિક લાભ કરાવે છે આવો લાભ જે તે માહિતીને જાહેર જનતા થી છૂપાવવા કે તેમને ધ્યાનમાં ન આવે તે રસ્તે જાળવવાના કારણે ઊભો થયો હોવો જોઈએ અને
3. જેની મુખ્ય વિષયવસ્તુ આવી માહિતીને રહસ્યમય રીતે જાળવવાના પગલાં પર આધારિત છે. એવી દરેક માહિતી કે જે દેખીતી રીતે પેદાશ પર જી મેળવી શકાય અથવા સામાનય રીતે શોધવાથી મળી જતી હોય તેવી માહિતી ટ્રેડ સિક્રેટ બની શકતી નથી.

ટ્રેડ સિક્રેટ એ એક એવું સાધન કે ટેકનીક છે જેનો ઉપયોગ કંપનીઓ દ્વારા પોતાની પેદાશના ઉત્પાદન માટે કરવામાં આવે છે. ટ્રેડ સિક્રેટ એ એવી ભૌતિક સંપત્તિ છે કે જેમાં વિવિધ પ્રક્રિયાઓ, સાધનો, ફોર્મ્યુલા, પેટર્ન ડિઝાઇન કે માહિતીનું જોડાણ છે જેનું આર્થિક મૂલ્ય ખૂબ જ ઊંચું છે કારણકે તે સામાન્ય રીતે ઓળખી શકાય કે સામાન?ય વ્યક્તિઓ દ્વારા પારખી શકાય તેવું નથી જેનો માલિક તેનું રહસ્ય જાળવવા માટે ચોક્કસ પગલાં લે છે. દાખલા તરીકે ફોર્મ્યુલા, પેટર્ન, માહિતીનું જોડાણ, પ્રોગ્રામ, રીત, ટેકનીક, મેથડ તે અન્ય પદ્ધતિઓ જેનો ઉપયોગ કંપની દ્વારા ઉત્પાદન સમય ઉપયોગમાં લેવામાં આવ્યો હોય. એવી દરેક માહિતી કે જેના દ્વારા પેદાશોના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવામાં આવી હોય. દાખલા તરીકે કોકાકોલા કંપની દ્વારા તેનો ફોર્મ્યુલા જાળવવામાં આવ્યું છે જે ટ્રેડ સિક્રેટ તરીકે ઓળખવામાં આવે છે. જેના લખાણમાં ફોર્મ્યુલા સિક્યુરિટી વૉલ્ટમાં જાળવવામાં આવે છે.

અન્ય ભૌતિક સંપત્તિઓની જેવી પેટન્ટ, ટ્રેડમાર્ક, કૉપીરાઈટની જેમ જ નોંધણી કરવાથી તેનું ચોક્કસ પણે અને અસરકારક પાલન કરવું શક્ય બને છે તેવી જ રીતે ટ્રેડ સિક્રેટ એ 'સ્વયં કરી શકાય' તેવું હોય છે.

ટ્રેડ સિક્રેટ મુખ્ય ફાયદો એ છે કે બીજી બૌધિક સંપત્તિની જેમ તે નિશ્ચિત સમય મર્યાદા હોતી નથી. જ્યાં સુધી ટ્રેડ સિક્રેટ સામાન્ય લોકો દ્વારા ઓળખવામાં ન આવે ક્યાં સુધી તેનું અસ્તિત્વ રહે છે એટલે કે જ્યાં સુધી વેપારનું રહસ્ય જળવાઈ રહે ત્યાં સુધી તેની સમય મર્યાદા જળવાઈ રહે છે.

ટ્રેડ સિક્રેટનું કોણ રક્ષણ મેળવી શકે છે ?

ટ્રેડ સિક્રેટ તેના માલિક દ્વારા ટ્રેડ સિક્રેટની મહત્ત્વની બાબત જેવીકે ફોર્મ્યુલા, માહિતી, રીત કે પદ્ધતિ, સૂત્ર કે અન્ય મહત્ત્વની બાબતને જાળવવા માટે યોગ્ય પગલાં લેવામાં આવ્યા હોય તો જ અને તે વ્યક્તિ દ્વારા ટ્રેસ સિક્રેટનું રક્ષણ મેળવી શકાય છે. ટ્રેડ સિક્રેટ અને પેટન્ટમાં થોડો તફાવત રહેલો છે એક બાજુ ટ્રેડ સિક્રેટ રહેલું છે અને બીજી બાજુ પેટન્ટ છે.

❖ **ટ્રેડ સિક્રેટ : મુખ્ય રસ્તા નીચે પ્રમાણે છે :**

૧. ટ્રેડ સિક્રેટ એવા રહસ્યમયી વ્યવહારો અને પ્રક્રિયા છે કે જેમાં જે તે કંપનીને તેના

દ્વારા સ્પર્ધામાં આર્થિક લાભ મળે છે.

૨. ટ્રેડ સિક્રેટ અલગ-અલગ પા૧ંડવતાંતાં?l અલગ અલગ પ્રકારે હોઈ શકે છે જેમાં ત્રણ બાબતો મહત્ત્વની છે જાહેર જનતા થી વંચિત, આર્થિક લાભ અને તેનું રક્ષણ.

૩. યુ.એસ 5849 ડ૯તલ! ને ઇકોનોમિક એસપી ઓનેજ, ૧૯૯૬ દ્વારા રક્ષણ મળ્યું છે.

## 2.3 ટ્રેડ સિક્રેટ માટેના યોગ્ય કામ :

ટ્રેડ સિક્રેટ અંતર્ગત કામમાં વિવિધ પ્રકાર ફોર્મ્યુલા ડિઝાઇન, પદ્ધતિઓ, વ્યવહારો, સાધનો, પેટન અને માહિતી નું જોડાણ વગેરે જેવી બાબતોનો સમાવેશ થાય છે. આના પરથી કહી શકાય કે ટ્રેડ સિક્રેટ નો ખ્યાલ ખૂ બ જ બહોળો છે. કારણકે સિક્રેટ માં ઉપરના બધા જ કાર્યક્ષેત્ર નો સમાવેશ કરવામાં આવે છે. ધારોકે કોઈ એક કંપની દ્વારા કોઈ એક પ્રોડક્ટ અંગેની ફોર્મ્યુલા નક્કી કરવામાં આવી હોય તો એ ફોર્મ્યુલા તેને જાળવવાની પ્રક્રિયા, કોના દ્વારા તેને જાણવામાં આવ્યું છે તે, તેનું રક્ષણ કરવાની તેને સાચવી રાખવાની જવાબદારી, તે અંગે ના પગલા અને કયા સંજોગોમાં આવી ફોર્મ્યુલા ટ્રેડ સિક્રેટનું ભંગગણી શકાય છે તે બધું નક્કી કરવામાં આવે છે એટલે કે આ બધા જ કાર્યો ને તેમાં આવરી લેવામાં આવે છે.

## 2.4 ટ્રેડ સિક્રેટ અને ભારતીય કાયદાઓ :

ભારતમાં ટ્રેડ સિક્રેટને રક્ષણ આપતો કોઈ ચોક્કસ કાયદો અસ્તિત્વમાં નથી. અન્ય દેશના ટ્રેડ સિક્રેટ ના કાયદાઓને ધ્યાનમાં રાખીને કેટલાક વિશિષ્ટ પગલાંઓ તથા તેનું ઊંડાણપૂર્વક વિવરણ ભારત દ્વારા કરવામાં આવ્યું છે. કોમન લો ના સિદ્ધાંતોનો ઉપયોગ કોર્ટ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત કરારનો કાયદો, કોપીરાઈટનો કાયદો અને ઈક્વિટી ના સિદ્ધાંતનો ઉપયોગ કરીને ટ્રેડ સિક્રેટને રક્ષણ પૂરું પાડવામાં આવે છે અને વિશ્વસનીયતા ના ભંગના આધારે પણ ટ્રેડ સિક્રેટ જાળવવા માટે પગલાં લેવામાં આવે છે. યુ.એસ અને ભારત દ્વારા સહભાગી થયેલ ટ્રેડ પોલિસી ફોરમ ૨૦૧૫ ના સૂચનોને નિર્દેશ કરવામાં આવેલ છે.૧૨ મી, મે ૨૦૧૬ ના રોજ યુનિયન કેબિનેટ દ્વારા ચ૫૦૨ પોલિસી મંજૂર કરવામાં આવી છે. જેનો મુખ્ય ઉદ્દેશ આવનાર સમયમાં વિકાસના કારણે વિચાર, શોધખોળ અને ટેકનોલોજીમાં પરિવર્તન પર રહેલો છે. ભારત દ્વારા વિવિધ બૌદ્ધિક સંપત્તિ ઓ જેવી કે વેપાર ચિન્હ, પેટન્ટ, કોપી રાઈટ અને ડિઝાઇનને ઓળખવામાં અને તેનું રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે

પરંતુ ટ્રેડ સિક્રેટ જેવી મહત્ત્વની ભૌતિક સંપત્તિ જાળવવા માટે કાયદાકીય બાબતોનો અભાવ જોવા મળે છે. ભારતમાં ટ્રેડ સિક્રેટ અંગેની સમસ્યાઓ અને પ્રશ્નોનો ઉકેલ કોમન લો ના સિદ્ધાંત, ઈક્વિટી ના સિદ્ધાંત, કલમ ૧૬(૩)કોપીરાઇટ એક્ટ, ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૫, ભારતીય કરારનો કાયદાની કલમ ૨૭ (૬) વગેરે દ્વારા કરવામાં આવે છે. ફેર ફેસ્ટ મીડિયા વિ. ચ૧૬ ગ્રુપ વિગેરે.

કલકત્તા હાઈકોર્ટના ચુકાદામાં જણાવ્યું છે કે જે વ્યક્તિને પાસેથી મહત્ત્વપૂર્ણ અને વિશ્વાસની માહિતી મેળવવામાં આવી હોય તેનો ઉપયોગ તે વ્યક્તિના અધિકારોને વંચિત રાખીને ગણી શકાય નહીં એટલે કે કાયદા શાખામાં વિષયવસ્તુનો જે રીતે ઉદ્ભવ થયો હોય તેવા સંજોગોમાં પણ તેવી વાતચીતને વિશ્વસનીય બનાવવી જરૂરી છે. ભારતીય કાયદાઓ દ્વારા ટ્રેડ સિક્રેટના રક્ષણ માટે ના વિવિધ પાસાઓને ધ્યાનમાં રાખીને તેની વ્યાખ્યાના સંદર્ભમાં વેપારની રહસ્યતા કે માહિતીની

વિશ્વસનીયતા જાળવી રાખવાના ટ્રેડ સિક્રેટના ભંગ બદલના ઉપાયોનો ખ્યાલ

દર્શાવવામાં આવ્યો છે. ભારતના મોટાભાગના બધા કાયદાઓ અંગ્રેજી કાયદા પરથી ઉતરી આવ્યા છે તેથી મોટેભાગે તેના ઉપર આધાર રાખવો પડે છે.

**2.4.1 અપકૃત્યનો કાયદો/ :**

જ્યારે સ્પર્ધકો દ્વારા કરાર ના કાયદા કે અન્ય કાયદા સિવાય ગેરવર્તન થઈ રહ્યું હોય એટલે કે જે તે માહિતી કે કામની ચોરી કે અન્ય રીતે અન્ય અધિકારી વ્યક્તિઓ દ્વારા તેનો ગેરલાભ ઉઠાવવામાં આવ્યો હોય ત્યારે તેને અપકૃત્યના કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે.

**2.4.2 કરારનો કાયદો :**

જ્યારે કરારમાંની બે વ્યક્તિઓ વચ્ચે ટ્રેડ સિક્રેટની મહત્ત્વની બાબતને જાળવી રાખવાના સંદર્ભમાં કરાર થયો હોય અથવા વિશ્વસનીયતા ના આધારે તેવી માહિતીને ગુપ્ત રાખવામાં આવે તેવું નક્કી કરવામાં આવ્યું હોય અથવા આવી બે વ્યક્તિઓ વચ્ચે દેખીતી રીતે કે ગર્ભિત રીતે વિશ્વસનીય સંબંધો રહેલા હોય ત્યારે તેને કરારના કાયદા હેઠળ આવરી લેવામાં આવે છે.

**2.4.3 ક્રિમિનલ લૉ :**

જ્યારે કંપનીમાંની કોઈ અધિકૃત વ્યક્તિ દ્વારા આવી માહિતી ચોરી લેવામાં આવે અથવા કોઈ વ્યક્તિ દ્વારા તે અંગેની જાસૂસી કરવામાં આવે અથવા એવું કંઈ કાર્ય કરવામાં આવે કે જેને ગોપનીયતાનો ભંગ કહેવામાં આવે અથવા IT કે નોન આઈટી ક્ષેત્રમાં ટેકનેકલ આ બાબતે રક્ષણ પૂરું પાડવામાં ન આવ્યું હોય ત્યારે તેને ક્રિમિનલ લૉના ક્ષેત્રમાં લેવામાં આવે છે.

## 2.5 ટ્રેડ સિક્રેટની મુદત :

➪ અન્ય ભૌતિક સંપત્તિઓ જેવી કે પેટન્ટની મુદત ૨૦ વર્ષ કોપીરાઈટની મુદત ૫૦ વર્ષ વગેરેની જેમ ટ્રેડ સિક્રેટની કોઈ ચોક્કસ મુદત હોતી નથી. એટલે કે ટ્રેડ સિક્રેટ લાંબા અને અચોક્કસ આ સમયગાળાની મુદત ધરાવે છે. ટ્રેડ સિક્રેટની માહિતીનું જોડાણ ચવ પદ્ધતિ કે અન્ય જરૂરી બાબતો જ્યાં સુધી સામાન્ય માણસના ધ્યાનમાં ન આવે ત્યાં સુધી તેનું અસ્તિત્વ રહે છે. જે સમયથી આવું ટ્રેડ સિક્રેટ લોકો સમક્ષ રજૂ થાય છે ત્યારે તેની મુદતનો અંત આવે છે. પરંતુ આ માટે ટ્રેડ સિક્રેટના માલિકે તેના રક્ષણ અંગેના સંપૂર્ણ પગલાં લીધા હોય તે જરૂરી છે. જો આવા પગલાં લેવામાં માલિક નિષ્ફળ જાય તો ટ્રેડ સિક્રેટ ગણી શકાય નહીં.

## 2.6 ટ્રેડ સિક્રેટ અંતર્ગત અધિકારો :

❖ **ટ્રેડ સિક્રેટ અંતર્ગત તેના માલિકને નીચેના અધિકારો પ્રાપ્ત થયા છે :**

➪ ટ્રેડ સિકેટની માહિતીનું રક્ષણ કરવા માટે ગેરકાયદેસર રીતે અન્ય વ્યક્તિ દ્વારા કે માલિકની સંમતિ વગર આવી માહિતી છતી કરવા, તેને મેળવવા કે તેનો ઉપયોગ કરવા અને તેના દ્વારા ધંધાકીય લાભ મેળવવાથી વંચિત કરી શકાય છે.

➪ જ્યારે આવા વ્યવહારો સંજોગ ઉપર આધાર રાખતા હોય ત્યારે સામાન્ય રીતે ધંધો, ઉદ્યોગો, વિશ્વસનીયતાનો સિદ્ધાંત ઉપરાંત તેનો ભંગ કરવા માટેનું દબાણ વગેરેનો સમાવેશ ટ્રેસ સિક્રેટમાં કરવામાં આવે છે

➪ વધુમાં ટ્રેડ સિક્રેટની માહિતી અન્ય કોઈ વ્યક્તિ કે ત્રાહિત વ્યક્તિ દ્વારા ઉપયોગ કરવામાં આવે કે સામાન્ય જનતા સમક્ષ મૂકવામાં આવે અથવા અન્ય કોઇ પ્રકારની બેદરકારી કરવામાં

આવે ત્યારે આ પ્રશ્ન ઊભો થાય છે.

➯ જો કોઈ વ્યક્તિ દ્વારા ટ્રેડ સિક્રેટ અંગેની માહિતી કાયદેસર ધંધાના વ્યવહારો માટે કોઈપણ પ્રકારની બેદરકારી પૂર્વક અને સંમતિ સાથે કરવામાં આવે તો તે ગેરકાયદેસર ગણી શકાશે નહીં. દાખલા તરીકે કોઈ એક વ્યક્તિ સ્પર્ધક દ્વારા કોઈ એક પેદાશની ખરીદી કરતા પહેલા તે પેદાશની બધી જ માહિતી અને વ્યવહારો અંગેનો ખ્યાલ મેળવવામાં આવ્યો હોય તો તેને ટ્રેડ સિક્રેટ ગણી શકાય નહીં. એટલે કે કોઈપણ ત્રાહિત વ્યક્તિ, પ્રતિ સ્પર્ધક કે અન્ય વ્યક્તિ દ્વારા કોઈ એક પેદાશનો સંપૂર્ણ થાય તેની દરેક માહિતી તેની સાધનસામગ્રી તેની ચીજવસ્તુ વગેરે જાણવી ખૂબ જ જરૂરી છે અને તે તેનો અધિકાર પણ છે, તો આનાથી તેને વંચિત ન કરી શકાય અને તેને ટ્રેડ સિક્રેટનું ભંગ પણ ન કહી શકાય.

## 2.7 ટ્રેડ સિક્રેટનો ભંગ કરતા મુખ્ય તત્ત્વો :

ટ્રેડ સિક્રેટના ભંગનો આધાર તેના માલિક દ્વારા ટ્રેડ સિક્રેટ માટે લેવામાં આવેલ ચોક્કસ પગલાં પર આધાર રાખે છે અને જો તેને ભંગ થયો છે તેવું સાબિત કરવું હોય તો નીચે દર્શાવેલ બાબતોને ધ્યાનમાં રાખવી ખૂબ જ જરૂરી બને છે :

કપની કે વ્યક્તિ દ્વારા સ્પર્ધાનો લાભ લેવાના કારણે કે અન્ય કારણસર ગેરવર્તન દ્વારા ટ્રેડ સિક્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તેને ભંગ કહી શકાય છે.

ટ્રેડ સિક્રેટના માલિકે તેની જાળવણી માટે યોગ્ય પગલાં લીધા હોવા જોઈએ.

ટૂંકમાં ટ્રેડ સિક્રેટના ભંગને ગેર વર્તન પણ કહી શકાય છે. જ્યારે કોઈ એક વ્યક્તિ કે કંપની દ્વારા ટ્રેડ સિક્રેટની મહત્ત્વની બાબત અયોગ્ય રીતે રજૂ કરવામાં આવે અથવા તો જે તે વ્યક્તિની અનુમતિ સિવાય તેનો ઉપયોગ કરવામાં આવે તો અથવા જાણીબૂજીને કોઈ વ્યક્તિ દ્વારા તેનો ઉપયોગ કરવામાં આવે અથવા તો ભૂલથી કે આકસ્મિક રીતે પણ આવી વેપારની રહસ્યમયતાનો ઉપયોગ કરવામાં આવે તો તેને ટ્રેડ સિક્રેટનો ભંગ કરી શકાય છે. આવુ ગેર વર્તન ઈરાદાપૂર્વકનું કે ઈરાદા વગરનું પણ હોઈ શકે છે.

ગેરવર્તન ત્યારે પણ ઉદભવે છે જ્યારે કોઈ એક વ્યક્તિ દ્વારા ટ્રેડ સિક્રેટનો ઉપયોગ કે તેનો ખ્યાલ લોકો સમક્ષ મૂકવો જેમાં તેના માલિકની સંમતિ ન હોય અને જે તે વ્યક્તિને ટ્રેડ સિક્રેટ અંગેની નીચેની બાબતનો ખ્યાલ કે તેની જાણકારી હોવી જરૂરી છે :

એવી વ્યક્તિ પાસેથી ટ્રેડ સિક્રેટ મેળવવામાં આવ્યો હોય કે જેને અયોગ્ય રીતે તે મેળવ્યું હોય,

એવા સંજોગોમાં ટ્રેડ સિક્રેટ મેળવવામાં આવ્યો હોય કે જ્યારે રહસ્યમયતા જાળવવી કે તેનો ઉપયોગ કરવો બંને બાબતને મર્યાદિત કરતી હોય ત્યારે,

જો ટ્રેડ સિક્રેટ એવી વ્યક્તિ પાસેથી મેળવવામાં આવ્યો હોય કે જેની રહસ્યમયતા જાળવવાની ફરજ હોય ત્યારે.

ઉપર જણાવેલ વિવિધ બાબતો પરથી કહી શકાય કે સિક્રેટના ભંગ માટે નીચેના કારણો કે સમસ્યાઓ હોવી ખૂબ જ જરૂરી છે :

૧. શું માહિતી ખરેખર રહસ્યમય હતી ?

૨. શું માહિતીને જાળવવા માટે કે રહસ્યમય રાખવા માટે યોગ્ય પગલાં લેવામાં આવ્યા હતા ?

## 2.8 સારાંશ

વર્તમાન સ્પર્ધાના સમયમાં કોઈપણ વ્યક્તિએ જેનું સર્જન પોતાની બુદ્ધિ દ્વારા કરેલ હોય તેને બૌદ્ધિક સંપદાના અધિકારો હેઠળ રક્ષણ પ્રાપ્ત થાય છે. આ રક્ષણ માત્ર અધિકાર મેળવનાર વ્યક્તિના અધિકારોનું જ નહિ પરંતુ સાથે સાથે ગ્રાહકોનું પણ રક્ષણ કરે છે. ટ્રેડમાર્ક હેઠળ પ્રાપ્ત થતા જુદા જુદા અધિકારો હાલના સ્પર્ધાત્મક સમયમાં ધંધા કે સેવાની પોતાની ઓળખ જાળવવામાં, શાખ ઊભી કરવામાં અને હરિફાઈમાં ટકી રહેવામાં ખુબજ મહત્ત્વનો ભાગ ભજવે છે. વિદ્યાર્થી મિત્રો આપણે આ પ્રકરણમાં ટ્રેડમાર્ક શું છે તે કોને કોને રક્ષણ પૂરું પાડે છે. તે વિશેની સમજ મેળવી. નોંધાયેલ અને નહિ નોંધાયેલ ટ્રેડમાર્કમાં શું તફાવત છે તેમજ તેનાથી કયા કયા અધિકારો મળે છે, તે વિશે પણ ચર્ચા કરી. આ ઉપરથી આપણને હાલના સમયમાં ટ્રેડમાર્કની અગત્યતાનો પણ ખ્યાલ આવી જાય છે. ટ્રેડમાર્કનો કાયદો આ વિશેની વિસ્તૃત માહિતી ધરાવે છે. બદલાતા સમયની સાથે થતા ફેરફારો પણ આપણને આ કાયદાના અભ્યાસની અગત્યતા સમજાવે છે.

## 2.9 તમારી પ્રગતિ ચકાસો :

**પ્રશ્ન-૧ ટ્રેડમાર્ક એટલે શું ? તેની વ્યાખ્યા આપી તેના લક્ષણો જણાવો.**

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

**પ્રશ્ન-૨ ટ્રેડમાર્કની અગત્યતા અને તેના કાર્યો જણાવો.**

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

**પ્રશ્ન-૩ ટ્રેડમાર્કના વિવિધ પ્રકારો જણાવો.**

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

**પ્રશ્ન-૪ પાસિંગ ઓફ એટલે શું ? તેના તત્ત્વો કેસ લૉ સહિત જણાવો.**

.........................................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **ટૂંકનોંધ લખો.**

**(૧) છેતરામણીભરી સામ્યતા.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(૨) ટ્રેડમાર્ક અરજી કરવા માટેની પાત્રતા.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**(૩) ટ્રેડમાર્ક હેઠળ પ્રાપ્ત થતા અધિકારો.**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

- **બહુવિકલ્પીય (ઓબ્જેકટિવ) પ્રશ્નો.**

**(૧) બૌદ્ધિક સંપત્તિનો અધિકાર કઈ મિલકતોને મળે છે ?**

(અ) વાસ્તવિક મિલકત (ક) ખાનગી મિલકત

(બ) અવાસ્તવિક મિલકત (ડ) ઉપરોક્ત તમામ

જવાબ..... (બ)

**(૨) ટ્રેડમાર્ક શબ્દની વ્યાખ્યા ટ્રેડમાર્ક એકટ, ૧૯૯૯ હેઠળ કઈ કલમમાં આપવામાં આવી છે ?**

(અ) કલમ-૨(૧)(બી)　(ક) કલમ-૨(૧)(ઝેડબી)

(બ) કલમ-૨(૧)(ઝેડએ)　(ડ) ઉપર પૈકી એકપણ નહીં

જવાબ..... (ક)

(૩) **છેતરામણી ભરી રીતે સામ્યતાની વ્યાખ્યા ટ્રેડમાર્ક એકટ, ૧૯૯૯ માં કઈ કલમમાં આપવામાં આવેલ છે ?**

(અ) કલમ-૨(૧) એચ　(ક) કલમ-૨(૧) ઓ

(બ) કલમ-૨(૧) એસ　(ડ) કલમ-૨(૧) આર

જવાબ..... (અ)

(૪) **પાસિંગ ઓફના દાવાનો અધિકાર કયા ટ્રેડમાર્કને મળે છે ?**

(અ) નોંધાયેલ　(ક) (અ) અને (બ) બંન્ને

(બ) નહિ નોંધાયેલ　(ડ) (અ) અને (બ) બંન્નેમાંથી એકપણ નહીં

જવાબ..... (ક)

(૫) **ટ્રેડમાર્ક નોંધણીની મુદ્દત સામાન્ય રીતે કેટલા વર્ષની હોય છે ?**

(અ) પાંચ વર્ષે　(બ) દસ વર્ષ

(ક) સાત વર્ષે　(ડ) ઉપરોકત પૈકી એક પણ નહી

જવાબ..... (બ)

(૬) **નોંધણીની અરજી કરવાથી પ્રાપ્ત થતા અધિકારો પૈકી પ્રાથમિકતાનો અધિકાર કયા કયા દેશોમાં લાગુ પડે છે ?**

(અ) WTO ના સભ્ય દેશો　(બ) Paris સમજુતી સ્વિકારનાર દેશો

(ક) (અ) અને (બ) બંન્ને　(ડ) (અ) અને (બ) બંન્ને માંથી એકપણ નહીં

જવાબ..... (ક)

(૭) **ધ ટ્રેડમાર્ક એકટ, ૧૯૯૯ હેઠળ ટ્રેડમાર્કની નોંધણી..**

(અ) ફરજીયાત છે.　(બ) ફરજીયાત નથી.

(ક) હિતાવહ છે.　(ડ) (બ) અને (ક) બંન્ને

જવાબ..... (ડ)

(૮) **ધ ટ્રેડમાર્ક એકટ, ૧૯૯૯ નો કાયદો કયાં લાગુ પડે છે ?**

(અ) સમગ્ર ભારતમાં

(બ) જમ્મુ-કાશ્મીર સિવાય સમગ્ર ભારતમાં

(ક) કેન્દ્રશાસીત પ્રદેશ સિવાય ભારતમાં

(ડ) ભારતના માત્ર મોટા શહેરોમાં

જવાબ..... (અ)

**(૯) પાસિંગ ઓફના તત્ત્વોમાં શેનો સમાવેશ થાય છે ?**

(અ) ગેરરજૂઆત (ક) પાઘડીને નુકસાન

(બ) પ્રતિષ્ઠા (ડ) ઉપરોક્ત પૈકી તમામ

જવાબ..... (ડ)

**(૧૦) ટ્રેડમાર્કના અધિકારનો વિસ્તાર કઇ રીતે થઇ શકે ?**

(અ) એક કરતા વધારે માલ કે સેવા પર ઉપયોગી કરીને

(બ) વધારે વિસ્તારમાં વધારીને

(ક) ટ્રેડમાર્કને નાના ફેરફાર સાથે વાપરીને

(ડ) ઉપરોક્ત તમામ

જવાબ..... (ડ)

## 2.10 ચાવીરૂપ શબ્દો :

- **પ્રતિવાદી (Defendant) :-** દિવાની દાવમાં જે વ્યક્તિની વિરૂદ્ધમાં દાવો દાખલ કરવામાં આવેલ હોય તે વ્યક્તિ.
- **દિવાની દાવો :-** વ્યક્તિની પ્રતિષ્ઠા, મિલકત અથવા મિલકત સાથે સંકળાયેલ અન્ય અધિકારોના ભંગ બદલ દિવાની અદાલતમાં કરવામાં આવેલ કાર્યવાહી.
- **ગેરરજૂઆત :-** કોઇપણ એક પક્ષકાર દ્વારા કોઇપણ બાબતમાં કરવામાં આવેલ ખોટી રજૂઆત. જે રજૂઆતના કારણે અન્ય વ્યક્તિના કરાર કરવાના સમયે તેના નિર્ણય પર તેની અસર થઇ હોય, આવી રજૂઆત કરનાર વ્યક્તિ પ્રતિવાદી બને છે અને જે વ્યક્તિને આવી રજૂઆત થી નુકસાન થાય છે તે પક્ષકાર વાદી કહેવાય છે.
- **વૈધાનિક અધિકાર :-** ધારાસભા દ્વારા ઘડવામાં આવેલ કાયદાથી આપવામાં આવેલ દાવો કરવાનો અધિકાર, જેના અંતર્ગત વ્યક્તિ આપેલ કાયદાની કોઇ જોગવાઇના આધારે દાવો કરી શકે.
- **ઉપાય :-** કોઇપણ વ્યક્તિના અધિકારના ભંગ બદલ તે વ્યક્તિને ભંગ કરનાર વ્યક્તિ વિરૂદ્ધ પ્રાપ્ત થતી રાહતો જે અદાલત મારફત પ્રાપ્ત થતી હોય.
- **અલગ અસ્તિત્વ :-** કોઇ કંપની, પેઢી કે સંસ્થા જેને પોતાના માલિકથી અલગ ઓળખ મળે છે તેને અલગ અસ્તિત્વ કહે છે. અલગ અસ્તિત્વ ધરાવનાર સામે દાવો થઇ શકે છે અને તે પોતે પણ દાવો કરી શકે છે. પોતાના અલગ નામથી ઓળખ મેળવે છે. તે પોતાના નામથી મિલકત ખરીદી શકે અને વેચી શકે છે.

## 2.11 સંદર્ભ સૂચિ :

૧. લૉ ઓફ ઇન્ડસ્ટ્રીયલ એન્ડ ઇન્ટેલેક્ટુઅલ પ્રોપર્ટી (પ્રિતેશ પાલ દ્વારા)

૨. આઈ પી એટ અ ગ્લાન્સ (વાય. જે. ત્રિવેદી અને શિવાની જોશી - સી. જમનાદાસ અને કો. દ્વારા)

***********************

એકમ 3

# ઔદ્યોગિક ડિઝાઈન

રૂપરેખા :


3.0. ઉદ્દેશ

3.1 પ્રસ્તાવના

3.2 ઔદ્યોગિક ડિઝાઈનનો અર્થ અને વ્યાખ્યા

3.2.1 ઔદ્યોગિક ડિઝાઈન એક્ટનો હેતુ અને મહત્ત્વ

3.2.2 ઔદ્યોગિક ડિઝાઈનની નોંધણી

3.3 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી માટેની યોગ્યતા

3.3.1 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી પ્રક્રિયા

3.4 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી માટેની સમયમર્યાદા

3.5 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી કરવા કોણ યોગ્યતા ધરાવે છે ?

3.6 ઔદ્યોગિક ડિઝાઈન ધારકને મળતા અધિકારો

3.7 ભૌગોલિક સંકેત અને એપિલીએશનનું મૂળ

3.8 સારાંશ

3.9 તમારી પ્રગતિ ચકાસો

3.10 ચાવીરૂપ શબ્દો

3.11 સંદર્ભ સૂચિ


## 3.0 ઉદ્દેશ :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- ડિઝાઈન એક્ટ-2000ની મહત્ત્વની જોગવાઈઓ સમજી શકશો.
- ડિઝાઈન અંગેની કાયદા મુજબની વ્યાખ્યા, સમજૂતી અને અર્થઘટન વિશે વિસ્તૃત જાણકારી મેળવી શકશો.
- ડિઝાઈન રજીસ્ટ્રેશન તથા ડિઝાઈન ધારકને મળતા કાયદાકીય અધિકારો ડિઝાઈનના રજીસ્ટ્રેશન માટેની લાયકાત તથા સમય મર્યાદાની વિગતવાર માહિતી જાણી શકશો.
- ડિઝાઈન એક્ટના હેતુ અંગે વિગતવાર જાણી શકશો.

## 3.1 પ્રસ્તાવના :

વિશ્વમાં બૌદ્ધિક સંપત્તિનું ક્ષેત્ર ખુબ જ વિશાળ છે. બૌદ્ધિક સંપત્તિના ક્ષેત્રમાં પેટન્ટ, વેપાર ચિહ્ન (ટ્રેડમાર્ક) કોપીરાઈટ તથા ડિઝાઈનનો સમાવેશ ઘણા વર્ષોથી કરવામાં આવેલ છે. પરંતુ હાલમાં છેલ્લા થોડાં વર્ષોમાં ભૌગોલિક સંકેતનો (જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન) પણ સમાવેશ

બૌદ્ધિક સંપત્તિના ક્ષેત્રમાં કરવામાં આવ્યો છે.

બૌદ્ધિક સંપત્તિ એ એવા પ્રકારની સંપત્તિ છે કે જેનું નિર્માણ વ્યક્તિ પોતાની વિશિષ્ટ બુદ્ધિક્ષમતાનો ઉપયોગ કરીને કોઈ એવી સર્જનાત્મક મિલકતનું નિર્માણ કરે કે જે સંપૂર્ણપણે નવી અથવા તો મૌલિક હોય, આ મિલકતનું સ્વરૂપ જોઈએ તો આ એક એવા પ્રકારની મિલકત છે કે જેનો અનુભવ આપણે કરીએ છીએ. પરંતુ તેનો સ્પર્શ કરી શકતા નથી. જેમ કે કોઈ વ્યક્તિ દ્વારા સંગીતની ધૂનનું નિર્માણ કરવામાં આવે તો તે સંગીતની ધૂનને માણી શકીએ છીએ પરંતુ તેને સ્પર્શી શકતા નથી. આવી બૌદ્ધિક રચનાને સંપત્તિ તરીકે મૂલવવાનો મુખ્ય હેતુ એ છે કે આવી સંપત્તિમાંથી વ્યક્તિ ઈચ્છે તો તેનો વાણિજ્યક હેતુ માટે ઉપયોગ કરીને આર્થિક લાભ મેળવી શકે અથવા તો તેનું ખરીદ-વેચાણ કે ગીરો પણ કરી શકે.

ભારતમાં ડિઝાઈન એક્ટનો કાયદો જે હાલમાં અમલમાં છે તે 2000ની સાલમાં ઘડવામાં આવ્યો છે અને મે-2001 થી આ કાયદો અમલમાં આવ્યો છે. પરંતુ આનો અર્થ એવો નથી કે આ અગાઉ ભારતમાં ડિઝાઈન એક્ટ અમલમાં ન હતો. આ અગાઉ ભારતમાં ડિઝાઈન એક્ટ 1911 અમલમાં હતો. આ કાયદો ભારતમાં બ્રિટિશ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. અને આ કાયદાનો અમલ આઝાદી બાદ પણ કરવામાં આવતો હતો. સમયાંતરે આ કાયદામાં સુધારાઓ પણ કરવામાં આવ્યા હતા. પરંતુ હાલમાં ભારતમાં જે રીતે વિજ્ઞાન અને ટેકનોલોજીનો વિકાસ અને વ્યાપ વધતો જાય છે તે જોતા આ જૂનો કાયદો અસરકારક ન જણાતા ડિઝાઈન જેવી બૌદ્ધિક સંપત્તિનું રક્ષણ તથા નિયમન વધુ સારી રીતે કરવા વધુ અસરકારક લાવવાની જરૂરિયાત ઉપસ્થિત થતા 2000 ના વર્ષમાં ભારત સરકાર દ્વારા નવો ડિઝાઈન એક્ટ - 2000 ઘડવામાં આવ્યો અને તેનો અમલે મે 2001 થી શરૂ થયો.

ડિઝાઈન શબ્દનો ઘણો વ્યાપક અર્થ આ કાયદામાં કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે જોઈએ તો "આકાર, રૂપરેખા કલર અથવા આમાનું કોઈપણ સંયોજીત કરીને બનાવવામાં આવેલ રચના એટલે ડિઝાઈન" જ્યારે કોઈ વ્યક્તિ દ્વારા આવી ડિઝાઈન તૈયાર કરવામાં આવી હોય અને તે તેવો પોતાના બુદ્ધિ કૌશલ્ય દ્વારા નિર્માણ કરી હોય અને આવી ડિઝાઈન સંપૂર્ણપણે નવી એટલે કે મૌલિક રીતે તૈયાર કરવામાં આવી હોય તો તેને આ કાયદા હેઠળ રજીસ્ટર્ડ કરાવી શકાય છે. અને તેના પર નિશ્ચિત સમય સુધી પોતાનો ઈજારો સ્થાપી શકાય છે. ડિઝાઈનનું રજીસ્ટ્રેશન / નોંધણી તે આ કાયદાની પાયાની જરૂરિયાત છે. નોંધણી ન થયેલ ડિઝાઈનને આ કાયદાનું રક્ષણ પ્રાપ્ત થતું નથી.

આમ બૌદ્ધિક સંપત્તિના ક્ષેત્રમાં ડિઝાઈન એક મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને આવી સંપત્તિનું રક્ષણ કરવા માટે કાયદાના નિયમનની જરૂર છે. આથી આ કાયદામાં જણાવ્યા મુજબની પ્રક્રિયા દ્વારા ડિઝાઈન રજીસ્ટર્ડ કરાવી તેનું રક્ષણ કરી શકાય છે.

## 3.2 ઔદ્યોગિક ડિઝાઈનનો અર્થ અને વ્યાખ્યા :

ડિઝાઈન કોઈપણ ઔદ્યોગિક મશીનરી દ્વારા હાથ દ્વારા યાંત્રિક રીતે કે રાસાયણિક રીતે અથવા તો આમાંની કોઈ એક કે એકથી વધુ પદ્ધતિઓના ઉપયોગ દ્વારા વિકસાવવામાં આવેલ આકૃતિ કે જે રેખાઓ કે રંગોને અથવા બંનેનો સંયુક્ત રીતે ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવેલ આકાર ભાત સજાવટ કે સંરચનાને ડિઝાઈન તરીકે ઓળખવામાં આવે છે.

આપણા રોજિંદા જીવનમાં વિવિધ આકારો આપણે જોતા હોઈએ છીએ જેને આપણે ડિઝાઈન તરીકે ઓળખીએ છીએ આવી ડિઝાઈન કે રચના કલાત્મક રીતે રચાયેલી હોય છે કે જેથી તે અન્યથી બિલકુલ અલગ દેખાતી હોય છે અને તેના કારણે તે વ્યક્તિનું ધ્યાન આકર્ષિત

કરે છે. આવી રચના કોઈ કલા ડ્રોઈંગ્સ, ચિત્ર, ગ્રાફિક્સ વગેરેનો સમાવેશ કરવામાં આવે છે.

**3.2.1 ઔદ્યોગિક ડિઝાઈન એક્ટનો હેતુ અને મહત્ત્વ :**

આ કાયદાને અમલમાં લાવવા પાછળનો મુખ્ય હેતુ કોઈ વ્યક્તિ દ્વારા પોતાની બૌદ્ધિક ક્ષણતા દ્વારા કોઈ ડિઝાઈનનું નિર્માણ કરેલ હોય કે કોઈ રચના કરવામાં આવેલ હોય તેનું રક્ષણ કરવાનો છે. આ ઉપરાત કોઈ વ્યક્તિ દ્વારા બનાવવામાં આવેલ ડિઝાઈનનો તે વ્યક્તિ આર્થિક હેતુ માટે ઉપયોગ કરી પોતાનો આર્થિક વિકાસ સાધી શકે અને આવો આર્થિક લાભ મળવાના કારણે તે વ્યક્તિમાં તથા સમાજના અન્ય વ્યક્તિઓમાં પોતાની બુદ્ધિક્ષણતાથી નવું નિર્માણ કરવાની જીજ્ઞાસા વિકસાવવાનો છે.

આ કાયદાનું મહત્ત્વ એટલા માટે પણ વધી જાય છે કે આ કાયદામાં ડિઝાઈનને રક્ષણ આપવા માટે ડિઝાઈનની નોંધણી બાદ તે ડિઝાઈન ધારકને મળતા અધિકારો અને તેની સમય મર્યાદા તમામ બાબતો અંગે વિસ્તૃતમાં જોગવાઈઓ કરવામાં આવી છે. આ કાયદા મુજબ ડિઝાઈન ધારકને પોતાની ડિઝાઈન પર નિશ્ચિત સમય સુધી જ ઈજારો પ્રાપ્ત થાય છે. ત્યારબાદ આવી ડિઝાઈનનો ઉપયોગ કરવા માટે તેનો ઈજારો કાયદા દ્વારા જ સમાપ્ત થઈ જાય છે.

**3.2.2 ઔદ્યોગિક ડિઝાઈનની નોંધણી (રજીસ્ટ્રેશન) :**

ડિઝાઈન એક્ટ 2000 માં ડિઝાઈન નોંધણી બાબતની તમામ જોગવાઈઓ કરવામાં આવી છે. જેમાં મુખ્યત્વે ડિઝાઈન નોંધણી માટેની લાયકાત ડિઝાઈન નોંધણી માટેની પ્રક્રિયા ડિઝાઈનની નોંધણી બાદ ડિઝાઈન ધારકને મળતા અધિકારોનો સમાવેશ થાય છે.

**3.3.1 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી માટેની યોગ્યતા :**

**3.3 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી પ્રક્રિયા :**

ડિઝાઈન એક્ટ-2000માં ડિઝાઈન નોંધણી અંગેની જોગવાઈ વિસ્તારથી કરવામાં આવેલ છે. ડિઝાઈનની નોંધણી કરાવવા માટે 'ટ્રેડ એન્ડ મર્કન્ડાઈઝ એક્ટ -1958' ની કલમ - 4(1) હેઠળ નિમાયેલ પેટન્ટ, ડિઝાઈન અને વેપારચિહ્નના મહાનિયામક આ કાયદા મુજબ ડિઝાઈન નોંધણી માટેની કામગીરી કરશે.

ડિઝાઈન નોંધણી માટે કેન્દ્ર સરકાર અન્ય જરૂરિયાત મુજબના અધિકારીઓની નિમણૂંક કરશે અને આવા અધિકારીઓ મહાનિયામકના માર્ગદર્શન હેઠળ કામગીરી કરશે.

કોઈપણ વ્યક્તિ પોતાની ડિઝાઈનની નોંધણી કરાવવા ઈચ્છતી હોય ત્યારે તેણે નોંધણી અધિકારી સમક્ષ, નિશ્ચિત ફોર્મમાં અરજી કરવાની રહેશે અ; આવી અરજીની સાથે નિયત કરવામાં આવેલ ફી પણ ભરપાઈ કરવાની રહેશે. જ્યારે નોંધણી અધિકારી સમક્ષ આવી કોઈ અરજી આવે ત્યારે આવી નોંધણી કરતા પહેલા એ તપાસ કરવી અનિવાર્ય છે કે અગાઉ ભારતમાં કે અન્ય દેશમાં આવી ડિઝાઈનની નોંધણી થઈ છે કે કેમ ? ઉપરાંત એ પણ તપાસ કરવાની રહેશે કે આવી અરજી અગાઉ બીજી કોઈ વ્યક્તિએ આવી જ ડિઝાઈનની નોંધણી માટે અરજી કરેલી છે અને તે પેન્ડિંગ છે કે નહિં ? કારણ કે આ કાયદાની જોગવાઈ મુજબ જે વ્યક્તિએ પ્રથમ અરજી કરેલ હશે તેની નોંધણી માન્ય ગણવામાં આવશે. આથી નોંધણી અધિકારીએ આ મુજબની તપાસ કર્યા બાદ રિપોર્ટ તૈયાર કર્યા બાદ જ પોતાના સમક્ષ આવેલ અરજી મંજૂર કેરી નામંજૂર કરવી તે નિર્ણય કરવાનો રહેશે.

આ ઉપરાંત જ્યારે નોંધણી અધિકારી સમક્ષ આવા પ્રકારની અરજી આવે ત્યારે તેની તમામ પ્રકારની તપાસ કરવા માટે આ કાયદા હેઠળ નિમાયેલ પરીક્ષકને અરજીની કાયદેસરતા

અને અન્ય જરૂરી ડોક્યુમેન્ટ તથા ડિઝાઈન પ્રસિદ્ધિ સંબંધી તેમજ અરજીમાં જોડવામાં આવેલ ડિઝાઈન અન્ય કોઈ ડિઝાઈન સાથે કોઈ સબંધ ધરાવે છે કે નહિ અને જો આવી ડિઝાઈન અન્ય ડિઝાઈનથી સમાનતા ધરાવતી હોય તો તે કેટલા અંશે સમાન છે તે તમામ બાબતોનો વિસ્તૃત અહેવાલ પરીક્ષક તૈયાર કરી નિયામકને મોકલશે અને આ અહેવાલના આધારે નિયામક નિર્ણય કરશે કે પોતાની સમક્ષ આવેલ ડિઝાઈન નોંધણી માટેની અરજી મંજૂર કરવી કે નહિ. આમ જ્યારે ડિઝાઈન નોંધણી માટેની અરજી કરવામાં આવી હોય ત્યારે તે સંપૂર્ણપણે નવી અને મૌલિક હોવી જોઈએ તે જ તેની નોંધણી કરવામાં આવશે.

આ ઉપરાંત જ્યારે કોઈ વ્યક્તિ દ્વારા પોતાની ડિઝાઈનની નોંધણી માટેની અરજી કરવામાં આવી હોય અને આવી અરજી વિરુદ્ધ કોઈ વ્યક્તિ દ્વારા વાંધાઓ રજૂ કરેલ હોય એટલે કે ડિઝાઈનની નોંધણી કરવા સામે વાંધો રજૂ કરવામાં આવ્યો હોય ત્યારે નોંધણી અધિકારી આવા વાંધા કેટલા અંશે યોગ્ય છે તેની તપાસ કરશે અને જો આવા વાંધા યોગ્ય જણાય તો નોંધણી અધિકારી ડિઝાઈનમાં ફેરફાર કર્યા બાદ નોંધણી કરવી શક્ય જણાય તો અરજદારને તે અંગેની જાણ કરશે અને ડિઝાઈનમાં જરૂરી સુધારા કરવામાં સૂચન કરશે પરંતુ જો અરજદાર નોંધણી અધિકારીની ડિઝાઈનમાં સુધારા કરવા અંગેની સૂચના આપ્યાના 3 મહિના સુધીમાં આવો સુધારો કરવામાં આવેલ ન હોય તો અરજદાર દ્વારા અરજી પાછી ખેંચી લીધેલ છે તેમ માની લેવામાં આવશે.

જ્યારે અરજદાર દ્વારા ડિઝાઈન નોંધણી માટેની અરજી નોંધણી અધિકારી દ્વારા મંજૂર કરવા યોગ્ય જણાય ત્યારે આવી ડિઝાઈન ડિઝાઈન નોંધણી રજીસ્ટરમાં ચકાસવામાં આવશે અને તે સંદર્ભે ઓફિસ્યલ ગેઝટમાં પ્રસિદ્ધ કરવા માટેની કાર્યવાહી કરશે અને આવી પ્રસિદ્ધિ થયા બાદ અરજદારને તે ડિઝાઈનની નોંધણી થયા અંગેનું પ્રમાણપત્ર આપશે.

## 3.4 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી માટેની સમયમર્યાદા :

આ ઉપરાંત ડિઝાઈન ધારકને પોતાની ડિઝાઈનના વેચાણનો અથવા તો ગીરો મુકવાનો પણ અધિકાર છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ડિઝાઈનની નોંધણી કરાવે છે ત્યારે તેને ઉપર દર્શાવેલ અધિકાર 10 વર્ષ માટે મળે છે અને ત્યારબાદ વ્યક્તિએ પોતાની ડિઝાઈનના અધિકાર ચાલુ રાખવા રિન્યુ કરાવવી પડે છે. પરંતુ 10 વર્ષ બાદ એક જ વખત 5 વર્ષ માટે આવી ડિઝાઈન રિન્યુ કરી શકાશે ત્યારબાદ ડિઝાઈન ધારકનો ઈજારો આવી ડિઝાઈન પરથી સમાપ્ત થઈ જશે.

## 3.5 ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી કરવા કોણ યોગ્યતા ધરાવે છે ?

જ્યારે કોઈ ઈન્ડસ્ટ્રી દ્વારા કોઈ ડિઝાઈનની રચના કરવા માટે કોઈ વ્યક્તિને નોકરી પર રાખવામાં આવે અથવા તો કરાર કરવામાં આવે ત્યારે આવી નોકરીના ભાગરૂપે કરવામાં આવેલ ડિઝાઈનની રચનાની માલિકી ઈન્ડસ્ટ્રીની રહેશે. આવી ડિઝાઈનની નોંધણી ડિઝાઈનની રચના કરનાર વ્યક્તિ કરાવી શકે નહિ પરંતુ જે ઈન્ડસ્ટ્રી માટે ડિઝાઈન તૈયાર કરવામાં આવી હોય તે આવી ડિઝાઈનની નોંધણી કરાવી શકે.

જ્યારે ઈન્ડસ્ટ્રી દ્વારા કોઈ ડિઝાઈનનું નિર્માણ કરાવવમાં આવેલ હોય ત્યારે આવી ડિઝાઈનના ઉપયોગના અબાધિત ઈજારો ઈન્ડસ્ટ્રી પાસે હોય છે જેમ ખાનગી વ્યક્તિને ડિઝાઈન નોંધણી પછી આવી ડિઝાઈનનો ઉપયોગ કરી આર્થિક લાભ મેળવવાનો વેચાણ કરવો કે ગીરો મૂકવાનો અધિકાર મળે છે. તેમજ ઈન્ડસ્ટ્રીને પણ આવા તમામ અધિકારો પ્રાપ્ત થાય છે.

## 3.6 ઔદ્યોગિક ડિઝાઈન ધારકને મળતા અધિકારો :

આ કાયદાની જોગવાઈ પ્રમાણે ડિઝાઈનની નોંધણી બાદ ડિઝાઈન ધારકને માટે તે ડિઝાઈન મિલકતનું સ્વરૂપ કાયદેસર રીતે ધારણ કરે છે. આથી આવી મિલકતનો ઉપયોગ ડિઝાઈન ધારણ કરતા પોતાના આર્થિક લાભ માટે કોઈપણ રીતે કરી શકે છે.

ડિઝાઈન નોંધણી બાદ આવી ડિઝાઈનના ઉપયોગના અબાધિત અધિકાર અને ઈજારો ડિઝાઈન ધારકને મળે છે. આવો અધિકાર તમામ વ્યક્તિ સામે તેમજ સરકાર સામે પણ પ્રાપ્ત થાય છે. એટલે કે આવી નોંધાયેલ ડિઝાઈનનો ઉપયોગ ડિઝાઈન ધારકની મંજૂરી મેળવ્યા સિવાય કોઈ વ્યક્તિ કે કોઈ સરકાર પણ કરી શકતી નથી.

## 3.7 ભૌગોલિક સંકેત અને એપિલીએશન (સંજ્ઞા)નું મૂળ :

GI and Appellations of Origin

જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન (ભૌગોલિક સંકેત) અને એપિલીએશન અને કાયદાકીય રીતે વ્યાખ્યાન્વિત કરેલા છે. તે ભૌગોલિક સંકેત તરીકે ઓળખાય છે. જે દેશમાં વસ્તુનું ઉત્પાદન થાય છે તે દેશ પ્રમાણે ભૌગોલિક સંકેતના નિયમો પણ ઘડવામાં આવ્યા છે.

વાઈન અપીલીએશનની પ્રથા ખૂબ જ પ્રખ્યાત અને જૂની છે. આ પ્રથા પુરાતન સમયથી અને મધ્યકાળથી ચાલી આવે છે. અને કોઈ પરવાનગી વગર આ પ્રથા ચાલતી જોવા મળતી હતી.

## 3.8 સારાંશ :

ડિઝાઈન એક્ટ-2000 એ એક ખૂબ જ મહત્ત્વનો અને સંશોધનને પ્રોત્સાહન આપનારો કાયદો છે. આ કાયદાના રક્ષણ હેઠળ કોઈપણ વ્યક્તિ પોતાના બુદ્ધિ કૌશલ્યથી નિર્માણ કરેલી રચનાનો અબાધિત ઉપયોગ કરવાનો ઈજારો પ્રાપ્ત કરે છે. અને પોતાના આર્થિક લાભ પણ પ્રાપ્ત કરી શકે છે. આમ, વ્યક્તિ સમાજ અને દેશના હિત માટે આ કાયદો ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

## 3.9 તમારી પ્રગતિ ચકાસો :

❖ **નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) ડિઝાઈન એક્ટ-2000 ઘડવામાં આવ્યો તેનો અમલ ક્યારથી શરૂ થયો ?

(A) મે-2001 (B) જૂન-2001

(C) માર્ચ-2001 (D) જાન્યુઆરી-2001

જવાબ :- (A) મે-2001

(2) ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી માટેની સમયમર્યાદા કેટલા વર્ષની છે ?

(A) 5 વર્ષ (B) 10 વર્ષ

(C) 3 વર્ષ (D) 6 વર્ષ

જવાબ :- (B) 10 વર્ષ

(3) ભારતમાં જે ડિઝાઈનનો કાયદો છે તે ક્યા વર્ષમાં ઘડવામાં આવ્યો છે ?

(A) 1998 (B) 2002

(C) 2000 (D) 2003

જવાબ :- (C) 2000

(4) ડિઝાઈન એક્ટ-2000 ઘડવામાં આવ્યો તે પહેલા ભારતમાં ડિઝાઈન એક્ટ ક્યા વર્ષનો અમલમાં હતો ?

(A) 1928 (B) 1924

(C) 1921 (D) 1911

જવાબ :- (D) 1911

(5) ડિઝાઈન નોંધણી માટે અધિકારીઓની નિમણૂંક કોણ કરે છે ?

(A) કેન્દ્ર સરકાર

(B) રાજ્ય સરકાર

(C) સ્થાનિક સત્તામંડળ

(D) ઉપરમાંથી એકપણ નહીં.

જવાબ :- (A) કેન્દ્ર સરકાર

- **સવિસ્તાર લખો :**

(1) ઓદ્યોગિક ડિઝાઈન એટલે શું ? ઔદ્યોગિક ડિઝાઈન નોંધણી માટેની યોગ્યતા સમજાવો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(2) ઔદ્યોગિક ડિઝાઈન ધારકને મળતા અધિકારો વિશે વિસ્તૃત ચર્ચા કરો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

## 3.10 ચાવીરૂપ શબ્દો :

- **ડિઝાઈન :-** આકાર, રૂપરેખા, કલર અથવા આમાનું કાંઈપણ સંયોજીત કરીને બનાવવામાં આવેલ રચના એટલે ડિઝાઈન
- **વેપારચિહ્ન :-** વેપારચિહ્ન એટલે એક વ્યક્તિના માલ/ કે સેવા કરતા ભિન્નતાદર્શક સક્ષમતા ધરાવતું હોય તેવું ચિહ્ન.
- **પેટન્ટ :-** પેટન્ટ એટલે આ કાયદા દ્વારા કોઈ શોધ માટે આપેલ ઈજારો.
- **કોપીરાઈટ :-** કોપીરાઈટ એટલે જેમાં ડિઝાઈનની નોંધણી કરાયેલ હોય તે વર્ગમાં કોઈપણ વસ્તુને ડિઝાઈન લાગુ પાડવાનો અબાધિત અધિકાર.

- **નિયામક :-** નિયામક એટલે ડિઝાઈન એક્ટ 2000 ની કલમ-3માં ઉલ્લેખિત પેટન્ટ, ડિઝાઈન અને વેપારચિહ્નનાં નિયામક.

## 3.11 સંદર્ભ સૂચિ


(1) P.Narayanan : 'Intellectual Property Law', Estean Publication,2011

(2) Sarla Gupta : 'Lectures on Intellectual Property Rights', Chetak Publication, 2003.

(3) M.K. Bhanderi : 'Law Relating to Intellectual Property Rights', Central Law Publication, 2018

(4) V.J. Taraporevala : 'Law of Intellectual Property', 2009.

(5) T.Ramappa : 'Intellectual Property Rights', Asia Law House, 2011


***********************

# એકમ 4 ભૌગોલિક સંકેતો

રૂપરેખા :

4.0. ઉદ્દેશ

4.1 પ્રસ્તાવના

4.2 વ્યાખ્યા અને અર્થ

4.3 ભૌગોલિક સંકેત મેળવવા માટેની યોગ્યતા

4.4 ભૌગોલિક સંકેત માટેની સમયમર્યાદા

4.5 ભૌગોલિક સંકેત માટે કોણ યોગ્યતા ધરાવે છે ?

4.6 ભૌગોલિક સંકેત ધરાવનારને મળતા અધિકારો

4.7 સારાંશ

4.8 તમારી પ્રગતિ ચકાસો

4.9 ચાવીરૂપ શબ્દો

4.10 સંદર્ભ સૂચિ

## 4.0 ઉદ્દેશ :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- ભૌગોલિક સંકેત શું છે ? તેના અનુસંધાનમાં કાયદાકીય માળખા વિશે વિગતવાર જાણી શકશો.
- ભૌગોલિક સંકેતોની કઈ રીતે નોંધણી કરી શકાય ? નોંધણી કરવાથી મળતા અધિકારો વિશે વિસ્તૃત જાણકારી મેળવી શકશો
- ભૌગોલિક સંકેતની સમયમર્યાદા તેમજ ક્યારે રિન્યુ થઈ શકશે તે વિશે માહિતી મેળવી શકશો.
- ભૌગોલિક સંકેતોની નોંધણી કરવા માટે યોગ્યતાના ધોરણો અંગેની માહિતી મેળવી શકશો.

## 4.1 પ્રસ્તાવના :

ભૌગોલિક સંકેત એક ચિહ્ન છે. જેની એક આગવી વિશિષ્ટતા છે. આ સંકેત માલના ચોક્કસ મૂળને દર્શાવે છે, તે ગુણવત્તા સૂચવે છે, પ્રતિષ્ઠા અથવા લાક્ષણિકતા જે કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે જ સંલગ્ન છે. તે સૂચવે છે. ખૂબ જ સામાન્ય સંદર્ભમાં ભૌગોલિક સંકેત માલના મૂળ / ઉત્પત્તિ (Origin) ને દર્શાવે છે.

ખેતી વિષયક ઉત્પાદનોમાં ખાસ ગુણવત્તાઓ જોવા મળતી હોય છે. અને ચોક્કસ સ્થાનિક પરિબળો દ્વારા પ્રભાવિત થાય છે. જેવાકે, હવામાન અને માટી ભૌગોલિક સંકેતને

આંતરરાષ્ટ્રીય સંધિઓ અને રાષ્ટ્રીય કાયદાઓ અનુસાર સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે. વિશ્વ વ્યાપાર સંગઠન (World Trade Organisation) ના સભ્ય તરીકે ભારતમાં, ''માલના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999 ઘડવામાં આવ્યો છે.''

અમુક પ્રકારના માલ કે ચીજ-વસ્તુઓ કે જે કુદરતી રીતે પ્રાપ્ત થયેલા છે, કુદરત પાસેથી કે પછી ખેતી દ્વારા વિકસાવવામાં આવેલા છે. આ તમામ પ્રકારની ચીજ-વસ્તુઓની ખાસ લાક્ષણિકતા છે. આ લાક્ષણિકતા તેના ઉત્પાદન, બનાવટ, સ્વાદ, ગુણવત્તા વગેરે જેવી બાબતોમં જોવા મળતી હોય છે.

- Paris Perfume,
- Darjeeling Tea,
- Banaras Silk
- Sankheda Furniture,
- Kutch Embroidery,
- Surat Zari Craft

આ બધા ભૌગોલિક સંકેતના ઉદાહરણ છે. જેમાં ચીજવસ્તુ ને ઉત્પાદનના વિસ્તાર પ્રમાણે વિશિષ્ટ મહત્ત્વતા આપવામાં આવી છે.

આપણે સૌ જાણીએ છીએ કે વધુ ને વધુ નફો કમાવવાના ઉદ્દેશથી વેપારીઓ અનુચિત વેપારી રીતરસમ આચરે છે અને ગ્રાહકોને નકલી બનાવટોથી છેતરવામાં આવે છે. કોઈ જગ્યાની વિશિષ્ટતાનો લાભ લઈ અને તે જગ્યામાં તે ચીજ-વસ્તુઓ બનતી ન હોવા છતાં, પણ ગ્રાહકોને તે જગ્યાનું ઉત્પાદન છે તેવુ કહીને છેતરવામાં આવે છે. આવા ગેરવ્યાજબી શોષણને રોકવા માટે એ ખૂબ જ અગત્યનું છે કે વિશિષ્ટતા ધરાવતી ચીજ-વસ્તુઓ અને ઉત્પાદનના ખરા મૂળને (Origin) તેની ભૌગોલિકતા પ્રમાણે અને ઉત્પાદનની વિશેષતા પ્રમાણે સુરક્ષા પ્રદાન કરવામાં આવે. પરિણામ સ્વરૂપે, સરકાર એ ''માલનાં ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999'' ઘડવામાં આવ્યો હતો. જે 15 સપ્ટેમ્બર, 2003 થી અમલમાં આવ્યો હતો. ભારતમાં હાલ ભૌગોલિક સંકેતનું માળખું માલના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, 1999 અને ''માલનાં ભૌગોલિક સંકેત (નિયમન અને સંરક્ષણ) નિયમ, 2002'' દ્વારા નિયમન કરવામાં આવે છે.

આ કાયદાનો હેતુ ત્રિ-સ્તરીય છે. સૌ પ્રથમ આ કાયદા દ્વારા દેશના ઉત્પાદકોનું રક્ષણ કરે છે. બીજું તે અનઅધિકૃત વ્યક્તિને આવા ચિહ્ન ગેરરીતિથી વાપરવા પર પ્રતિબંધ મૂકે છે. અને ગ્રાહકોનું છેતરપિંડીથી રક્ષણ કરે છે. ત્રીજું તે નિકાસ બજારમાં ભૌગોલિક ચિહ્નને પ્રોત્સાહન આપે છે.

# Geographical Indication tags




## 4.2 વ્યાખ્યા અને અર્થ :

માલના સંબંધમાં ''ભૌગોલિક સંકેત'' એટલે એ સંકેત કે જે આવા માલ ને કૃષિ વિષયક માલ પ્રાકૃતિક માલ અથવા ઉત્પાદન થયેલા માલ તરીકે દર્શાવે છે. અથવા ઉદ્‌ભવતા અથવા દેશના ક્ષેત્રમાં ઉત્પાદિત થયેલા માલ તરીકે, અથવા તે ક્ષેત્રમાંના ક્ષેત્ર અથવા વિસ્તાર, જ્યાં આપેલી ગુણવત્તા, પ્રતિષ્ઠા અથવા અન્ય માલની લાક્ષણિકતા હોય છે તેના ભૌગોલિક મૂળને અનિવાર્યપણે આભારી હોય અને આવા માલનું ઉત્પાદન કાં તો માલનું ઉત્પાદન અથવા પ્રક્રિયા બંનેમાંથી એક દ્વારા કરવામાં આવે છે જે આવા પ્રદેશ, ક્ષેત્ર અથવા વિસ્તાર, કોઈપણ રીતે હોય શકે છે. (કલમ-2 (1)(ઈ))

નોંધપાત્ર વાત એ છે કે કોઈપણ નામ કે જે તે દેશનું, પ્રદેશનું અથવા વિસ્તારનું નામ નથી તેને પણ ભૌગોલિક સંકેત તરીકે ગણતરીમાં લઈ શકાય છે. જો તે કોઈ ચોક્કસ ભૌગોલિક વિસ્તારના સંદર્ભમાં હોય અને તે ત્યાં વાપરવામાં આવતું હોય અથવા ચોક્કસ માલનાં સંદર્ભમાં જે તે દેશમાં અથવા પ્રદેશમાં અથવા વિસ્તારમાં કોઈપણ સ્વરૂપે ઉદ્ભવતું હોય.

## 4.3 ભૌગોલિક સંકેત મેળવવા માટેની યોગ્યતા :

ભૌગોલિક સંકેતના અધિનિયમ હેઠળ ભૌગોલિક સંકેત કોઈ અથવા બધા જ પ્રકારના માલ માટે નોંધાય શકે છે કે જેને આ અધિનિયમ હેઠળ માલના પ્રકારનાં આધારે વર્ગીકૃત કરવામાં આવેલ છે અને આ વર્ગીકરણ વિસ્તાર અથવા પ્રદેશના આધારે કરવામાં આવેલું છે. (કલમ-8(1))

માલનાં સંદર્ભમાં ભૌગોલિક સંકેત રજીસ્ટર કરવા માટે માલ જે-તે વિસ્તાર અથવા પ્રદેશ અથવા દેશની કાંઈક આગવી ઓળખ અને વિશિષ્ટતા દર્શાવતો હોવો જોઈએ, તે એક અનિવાર્ય પરિબળ છે. નવીનતા, ગુણવત્તા, પ્રતિષ્ઠતા, આગવી ઓળખ અને વિશિષ્ટતા એ આ કાયદા હેઠળ નોંધણીપાત્ર બનવા માટે અગત્યનાં પરીબળ છે. આ સાથે આ કાયદામાં કલમ-9 પ્રમાણે તેવા ભૌગોલિક સંકેત પણ દર્શાવવામાં આવ્યા છે જે ક્યારેય નોંધણીપાત્ર બનતા નથી. આવા બિનનોંધણીપાત્ર ચિહ્નો નીચે પ્રમાણે છે.

- ➪ ભૌગોલિક સંકેત કે જે બીજાને છેતરે અથવા મુંઝવણભર્યું હોય,
- ➪ જે સંકેતનો ઉપયોગ જે-તે પ્રવર્તમાન કાયદાની વિરૂદ્ધમાં હોય,
- ➪ જે ચિહ્નમાં નિંદાકારક અથવા અશ્લીલ વિગતોનો સમાવેશ કરવામાં આવતો હોય,
- ➪ જેમાં તેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે કે જેથી ભારતનાં નાગરિકના કોઈપણ વર્ગના લોકોની ધાર્મિક સંવેદનશીલતા ને નુકસાન પહોંચાડે,
- ➪ અદાલતમાં સંરક્ષણ મેળવવા માટે ગેરલાયક ઠરાવે,
- ➪ જે સામાન્ય નામ તરીકે અથવા સંકેત તરીકે પ્રખ્યાત હોય જેના પરિણામ સ્વરૂપ તેના દેશમાં તેને રક્ષણ મળે તેમ ન હોય અથવા તે દેશમાં હવે તે ઉપયોગમાં ન લેવાના હોય,
- ➪ જે કોઈપણ ભૌગોલિક વિસ્તાર સાથે સંકળાયેલ હોય અથવા તે વિસ્તારમાં ઉત્પાદન થયેલું હોય પરંતુ બીજા વિસ્તારમાં ઉત્પાદન થયેલ છે તેવું ખોટી રીતથી દર્શાવીને વેચવામાં આવે તેવો માલ નોંધણીપાત્ર નથી.

## 4.4 ભૌગોલિક સંકેત માટેની સમયમર્યાદા :

ભૌગોલિક ચિહ્નની નોંધણી 10 વર્ષ માટે કરવામાં આવે છે, પરંતુ 10 વર્ષનો સમય સમાપ્ત થયા પછી સમયાંતરે તેની નોંધણી રિન્યુ કરાવી શકાય છે (કલમ-18(1))

અધિકૃત વપરાશકર્તાની નોંધણી 10 વર્ષનાં સમયગાળા માટે અથવા તો તે તારીખ સુધીના સમયગાળા માટે હોવી જોઈએ કે જેમાં ભૌગોલિક સંકેતની નોંધણી સમાપ્ત થાય છે, જેના માટે અધિકૃત વપરાશકર્તા નોંધાયેલ છે, બંને માંથી જે પહેલા હોય ત્યાં સુધી હોવી જોઈએ. (કલમ-18(2))

સમય સમાપ્ત થયા પછી રજીસ્ટ્રાર રિન્યુ માટેની અરજી મળેલી હોય તો વધારાના 10 વર્ષ માટે તેને રિન્યુ કરી શકે છે. (કલમ-18(3))

પરંતુ જો રિન્યુ માટેની અરજી નિયત ચોક્કસ સમયગાળો પૂરો થયા પહેલા જો ના

કરવામાં આવે તો રજીસ્ટ્રાર ભૌગોલિક સંકેત અથવા અધિકૃત વપરાશકર્તાનું નામ, તે ચિહ્ન ને અને વપરાશકર્તાના નામને રજીસ્ટ્રીમાંથી બાકાત કરી શકે છે. રજીસ્ટ્રાર નોંધાયેલ માલિકને નોંધણીની સમાપ્તિ અને ફી ચૂકવવા માટેની જાણ કરશે. (કલમ-18(4)).

ફી ની ચૂકવણી ન કરવાના કારણ ને લીધે ભૌગોલિક સંકેત અથળા અધિકૃત વ્યકિતનું નામ વ્યક્ત કરવામાં આવે તે સંજોગોમાં રજીસ્ટ્રાર છ મહિના પછી અને એક વર્ષની અંદર ભૌગોલિક ચિહ્ન ને પુનઃસ્થાપિત (Restore) કરી શકે છે અને નોંધણીને રિન્યુ કરી શકે છે.

## 4.5 ભૌગોલિક સંકેત માટે કોણ યોગ્યતા ધરાવે છે ? :

ભૌગોલિક સંકેતના કાયદાની કલમ-૧૧ નોંધણીની અરજીના સંદર્ભમાં જોગવાઈ પ્રદાન કરે છે. આ કલમ પ્રમાણે નીચેના વ્યક્તિઓ યોગ્યતા ધરાવે છે.

- ➪ કોઈપણ સંગઠન, અથવા
- ➪ ઉત્પાદકોનું સંગઠન, અથવા
- ➪ કોઈ પણ સંસ્થા અથવા
- ➪ કોઈપણ સત્તા કે જેને કોઈ પ્રવર્તમાન કાયદા દ્વારા સ્થાપવામાં આવી છે કે જે ઉત્પાદકોના હિતોનું રક્ષણ કરે છે.

આમ, ઉપરદર્શાવેલ કોઈપણ વ્યક્તિ કે જે ભૌગોલિક ચિહ્ન લેવા ઈચ્છતીવ્હોય તે રજીસ્ટ્રાર ને લેખિતમાં અરજી કરી શકે છે અને અરજી સાથે ફી ની ચૂકવણી કરીને પોતાના નામે એ ચિહ્નને નોંધણીપાત્ર બનાવે છે.

## 4.6 ભૌગોલિક સંકેત ધરાવનારને મળતા અધિકારો :

નોંધણી દ્વારા નોંધાયેલ માલિકને કાયદાકીય કાર્યવાહી કરવાનો અધિકાર મળે છે. બિનનોંધાયેલ ભૌગોલિક સંકેતની બાબતમાં કાયદાકીય કાર્યવાહી કરવામાં અથવા નુકસાન વળતર લેવાના અધિકારો પ્રાપ્ત થતા નથી. તેમ છતાં, બીજાના માલને પોતાનો માલ કહી વેચવાની અનુચિત વેપારી રીતરસમ સામે કાર્યવાહી જરૂર થી હાથ ધરી શકાય છે.

દરેક કાયદાકીય કાર્યવાહીમાં નોંધણીનું પ્રમાણપત્ર એ મૂળભૂત પુરાવા તરીકે રજૂ કરી શકાય છે. કોર્ટની કોઈપણ કાર્યવાહીમાં આ પ્રમાણપત્ર સાથે બીજા કોઈ પુરાવા આપવાની જરૂર પડતી નથી.

ભૌગોલિક સંકેત દ્વારા નીચે દર્શાવેલા તમામ અધિકારો પ્રાપ્ત થાય છે :

- ➪ નોંધાયેલ માલિક પાસે ભૌગોલિક ચિહ્નના વપરાશના સંદર્ભમાં તમામ પ્રકારના અધિકારો પ્રાપ્ત થાય છે. પરંતુ આ અધિકારો રજીસ્ટ્રાર એ નિયત કરેલી મર્યાદા અને શરતોને આધિન હોય છે.
- ➪ નોંધાયેલ માલિક અને અધિકૃત વપરાશકર્તા પોતાને પ્રાપ્ત થયેલા હકોના ઉલ્લંઘનના સમયે કાયદાકીય પગલાં લઈ શકે છે અને વળતર માગી શકે છે.

## 4.7 સારાંશ

ભૌગોલિક સંકેત એ આગવી વિશિષ્ટતા પ્રદાન કરતું એવુ ચિહ્ન છે કે માલિકની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકે છે, તેને તેના વપરાશના તમામ અધિકારો પ્રદાન કરે છે. આ હરિફાઈના જમાનામાં બધા પોતાના ધંધાનો વિકાસ કરવાની અને આવકની હોડમાં ઉતરી

આવ્યા છે અને પોતાના આ ઉદ્દેશ્ય ને સિધ્ધ કરવા માટે લોકો કોઈપણ હદ સુધી જતા હોય છે અને અનુચિત રીતરસમ આચરતા હોય છે ત્યારે આ ચિહ્નને કાયદાકીય રીતે સુરક્ષા પ્રદાન કરીને મૂળ માલિકને પોતાની ખાસિયત, પોતાના વિસ્તારની ખાસિયત પ્રમાણે રક્ષણ મળી શકે છે.

## 4.8 તમારી પ્રગતિ ચકાસો :

❖ **નીચેના વૈકલ્પિક પ્રશ્નોના ઉત્તર આપો :**

(1) માલનાં ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ ક્યા વર્ષમાં ઘડવામાં આવ્યા છે ?

(A) 1990 (B) 1995

(C) 1999 (D) 2001

જવાબ :- (C) 1999

(2) ''માલનાં ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, ૧૯૯૯'' જે ઘડવામાં આવ્યો હતો તેનો અમલ કઈ તારીખે થયો હતો ?

(A) 15 સપ્ટેમ્બર, 2003

(B) 26 જાન્યુઆરી, 2003

(C) 20 સપ્ટેમ્બર, 2003

(D) 29 માર્ચ, 2003

જવાબ :- (A) 15 સપ્ટેમ્બર, 2003

(3) હાલમાં જે ભૌગોલિક સંકેતનું માળખું છે તેનું નિયમન ક્યા વર્ષનાં ''માલનાં ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) નિયમ'' દ્વારા કરવામાં આવે છે ?

(A) 2004 (B) 2002

(C) 2000 (D) 1998

જવાબ :- (B) 2002

(4) ''ભૌગોલિક સંકેત''ની વ્યાખ્યા કઈ કલમમાં કરવામાં આવી છે ?

(A) કલમ-2 (1) (એ)

(B) કલમ-2 (1) (બી)

(C) કલમ-2 (1) (સી)

(D) કલમ-2 (1) (ઈ)

જવાબ :- (D) કલમ-2 (1) (ઈ)

(5) ભૌગોલિક સંકેતની સમય મર્યાદા કેટલા વર્ષની છે ?

(A) 10 વર્ષ (B) 3 વર્ષ

(C) 5 વર્ષ (D) 7 વર્ષ

જવાબ :- (A) 10 વર્ષ

(6) ભૌગોલિક સંકેતની નોંધણીની અરજીના સંદર્ભમાં જોગવાઈ કઈ કલમમાં કરવામાં આવેલી છે ?

(A) કલમ-6 (B) કલમ-11

(C) કલમ-10 (D) કલમ-5

જવાબ :- (B) કલમ-5

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) ભૌગોલિક સંકેત એટલે શું ? ભૌગોલિક સંકેત માટેની સમયમર્યાદા સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(2) ભૌગોલિક સંકેત મેળવવા માટેની યોગ્યતા સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(3) બૌદ્ધિક સંપત્તિ તરીકે "ભૌગોલિક સંકેત"

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

(4) ભૌગોલિક સંકેત ધરાવનારને મળતા અધિકારો સમજાવો.

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 4.9 ચાવીરૂપ શબ્દો :

- **ભૌગોલિક સંકેત :**

  ભૌગોલિક સંકેત માલના મૂળને / ઉત્પત્તિ દર્શાવે છે.

- **પ્રવર્તમાન કાયદા :**

  હાલમાં જે કાયદા અમલમાં હોય તેને પ્રવર્તમાન કાયદા કહેવાય.

- **અનુચિત વેપારી રીતરસમ :**

  અનૂચિત વેપારી રીતરસમ એટલે ગેરવાજબી વેપારી પ્રથાનો ઉપયોગ થાય છે જેમાં ગુણવત્તા અને વજન જેવી બાબતમાં ગ્રાહકો સાથે છેતરપિંડી થતી હોય છે.

## 4.10 સંદર્ભ સૂચિ


(1) B.L. Wadebra : 'Law Relating to Intellectual Property', Universal Publication, 2009.

(2) Ravi Shinde : 'Lectures On Intellectual Property Rights', Asia Law House, 2011.

(3) J.P. Misra : 'An Indtroduction to Intellectual Property Rights', Central Law Age, 2011.

(4) Meenu Pavi : 'Intellectual Property Laws', Allababad Law Publication, 2005.

(5) S.R. Myneni : 'Law of Intellectual Property', Asia Law House, 2009.

(6) Sarla Gupta : 'Lectures on Intellectual Property Rights', Chetak Publication, 2003.


***********************

એકમ 5

# તુલનાત્મક અભ્યાસ

**રૂપરેખા :**


**5.0.** ઉદ્દેશ

**5.1** પ્રસ્તાવના

**5.2** તુલનાત્મક અભ્યાસ : વેપાર ચિહ્ન, વેપાર રહસ્ય, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેત.

- **5.2.1** કામનો પ્રકાર
- **5.2.2** બૌદ્ધિક સંપત્તિની સમયમર્યાદા
- **5.2.3** નોંધણીની ઓફિસ
- **5.2.4** સંરક્ષણ માટેની હકૂમત

**5.3** વેપારચિહ્ન અને ભૌગોલિક સંકેત વચ્ચે તુલનાત્મક અભ્યાસ

**5.4** સારાંશ

**5.5** તમારી પ્રગતિ ચકાસો

**5.6** ચાવીરૂપ શબ્દો

**5.7** સંદર્ભ સૂચિ


## 5.0 ઉદ્દેશ :

વિદ્યાર્થી મિત્રો, આ એકમનાં અભ્યાસ બાદ તમે,

- વેપારચિહ્ન, વેપાર રહસ્ય, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેતનો તુલનાત્મક અભ્યાસ કરી શકશો.
- કામનો પ્રકાર, બૌદ્ધિક સંપત્તિની સમયમર્યાદા, નોંધણીની ઓફિસ, બૌદ્ધિક સંપત્તિના સંરક્ષણ માટેની હકૂમત વિગતવાર જાણી શકશો.
- વેપારચિહ્ન, વેપાર રહસ્ય, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેતને જે કાયદા દ્વારા સંરક્ષણ મળે છે, તે કાયદાનો હેતુ, અરજીની નોંધણી, પ્રાપ્ત થતા, હકોની માહિતી વિગતવાર સમજાવવામાં આવી છે.

## 5.1 પ્રસ્તાવના :

મિલકતને બે પ્રકારમાં વહેંચવામાં આવે છે.

(1) દૃશ્ય મિલકત

(2) અદૃશ્ય મિલકત

અદૃશ્ય મિલકતને બૌદ્ધિક મિલકત તરીકે પણ ઓળખી શકાય છે. બૌદ્ધિક સંપત્તિના પ્રકાર નીચે પ્રમાણે છે.

- ⇨ પેટન્ટ
- ⇨ કોપીરાઈટ
- ⇨ વેપાર ચિહ્ન
- ⇨ ડિઝાઈન
- ⇨ વેપાર રહસ્ય
- ⇨ સેવા ચિહ્ન
- ⇨ ભૌગોલિક સંકેત

આ બધાની વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ અનિવાર્ય છે. ઉપરોક્ત બૌદ્ધિક સંપત્તિમાંથી ઘણી સંપત્તિ માલના સંદર્ભમાં આપવામાં આવે છે. તો કેટલીક સંપત્તિ સેવાના સંદર્ભમાં આપવામાં આવે છે. આ પ્રકરણમાં વેપાર ચિહ્ન, વેપાર રહસ્ય, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેત વચ્ચેનો તુલનાત્મક અભ્યાસ દર્શાવાયો છે.

## 5.2 તુલનાત્મક અભ્યાસ વેપાર ચિહ્ન, વેપાર રહસ્ય, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેત :

- ⇨ વેપારચિહ્ન
- ⇨ વેપાર રહસ્ય
- ⇨ ઔદ્યોગિક ડિઝાઈન
- ⇨ ભૌગોલિક સંકેત

### 5.2.1 કામનો પ્રકાર :

➥ વેપાર ચિહ્ન :

વેપારચિહ્ન એ એક એવું ચિહ્ન છે જે કોઈ શબ્દ, આંકડો, ચિહ્ન, લેબલના સ્વરૂપમાં જોવા મળે છે. જે પોતાની કંપનીના માલને બીજી કંપનીના માલ કરતાં જુદો પાડે છે અને પોતાની કંપનીના માલની આગવી ઓળખ દર્શાવે છે. આ વેપારચિહ્નને વેપારચિહ્ન અધિનિયમ, 1999 હેઠળ સંરક્ષણ પ્રદાન કરવામાં આવે છે.

➥ વેપાર રહસ્ય :

વેપારી એકમ પોતે જે રીતે ધંધો કરે છે અને ધંધાની ઉત્પાદન નાણાં સંચાલનની પ્રક્રિયા વગેરે જેવા વેપારી રહસ્યો છુપાવીને રાખે છે જેથી કરીને હરીફો આ વાતો જાણી અને તેનો ગેરલાભ લઈ અને હરીફાઈમાં ઉતરી ન શકે. આમ, વેપાર રહસ્ય એટલે એવી વેપાર સંબંધી માહિતી જે બીજા કોઈ કે જાહેર જનતાને ખબર ન હોય અને જેનું આર્થિક મૂલ્ય હોય તેવી માહિતીને વેપાર રહસ્ય કહેવાય છે.

➥ ઔદ્યોગિક ડિઝાઈન :

ડિઝાઈન એટલે આર્ટિકલ પર લીટી અથવા રંગ અથવા સંયોજનની રચના દ્વારા આપવામાં આવેલ આકાર, રૂપરેખાંકન અથળા પેટર્નની લાક્ષણિકતા જેને ઔદ્યોગિક પ્રક્રિયા અથવા અતિ યાંત્રિક કે રાસાયણિક સંયોજન દ્વારા ઘડવામાં આવે છે જેને પોતાની આગવી ઓળખ છે અને બીજાથી અલગ ઓળખ દર્શાવે છે. નવીનતા અને મૌલિકતા એ નોંધણી માટેના અગત્યના પરિબળ છે. આ ડિઝાઈનને, ડિઝાઈન એક્ટ-2000 દ્વારા સંરક્ષણ પ્રદાન કરવામાં આવે છે.

➥ ભૌગોલિક સંકેત :

માલના સંદર્ભમાં ભૌગોલિક સંકેત જે તે વિસ્તારમાં ઉત્પાદિત થયેલા માલ, તેની ગુણવત્તા, તેની ઓળખ, તેની વિશિષ્ટતા પ્રસ્થાપિત કરે છે. નવીનતા, ગુણવત્તા, પ્રતિષ્ઠા, આગવી ઓળખ અને વિશિષ્ટતા એ નોંધણી કરવા માટે અગત્યના પરિબળ છે. આ ભૌગોલિક સંકેતને 'Geographical Indications of Goods (Rightsation and Protection) Act, 1999 દ્વારા સંરક્ષણ પ્રદાન કરવામાં આવે છે.

### 5.2.2 બૌદ્ધિક સંપત્તિની સમયમર્યાદા :

➥ વેપાર ચિહ્ન :

વેપારચિહ્નનું આગવું લક્ષણ એ છે કે તેની નોંધણી કાયમી ધોરણે થાય છે પરંતુ શરૂઆતમાં વેપારચિહ્ન 10 વર્ષ માટે આપવામાં આવે છે અને વધુ 10 વર્ષ માટે આ ચિહ્નની નોંધણી સમયાંતર રિન્યુ કરાવી શકાય છે.

➥ વેપાર રહસ્ય :

વેપાર રહસ્યના સંરક્ષણના અભાવે ભારતમાં તેની સમયમર્યાદા નિશ્ચિત નથી કરી શકાતી. તેમ છતાં, તેના પ્રકાર પર આ પ્રકારના વેપાર રહસ્યને સંરક્ષણ પ્રદાન કરવામાં આવે છે.

➥ ઔદ્યોગિક ડિઝાઈન :

જ્યારે કોઈ વ્યક્તિ પોતાની ડિઝાઈનની નોંધણી કરાવે છે ત્યારે તેને 10 વર્ષ માટે અધિકાર મળે છે અને ત્યારબાદ વ્યક્તિએ પોતાની ડિઝાઈનના અધિકાર ચાલુ રાખવા રિન્યુ કરાવવી પડે છે. પરંતુ 10 વર્ષ બાદ એક જ વખત 5 વર્ષ માટે આવી ડિઝાઈન રિન્યુ કરી શકાશે. ત્યારબાદ ડિઝાઈન ધારકનો ઈજારો આવી ડિઝાઈન પરથી સમાપ્ત થઈ જશે.

➥ ભૌગોલિક સંકેત :

ભૌગોલિક સંકેતની નોંધણી ૧૦ વર્ષ માટે કરી શકાય છે. પરંતુ ૧૦ વર્ષનો સમય પૂર્ણ થતાં પહેલાં તેને ફી ની ચૂકવણી કરીને રિન્યુ કરાવી શકાય છે.

### 5.2.3 નોંધણીની ઓફિસ :

➥ વેપાર ચિહ્ન :

વેપાર ચિહ્ન અધિનિયમ, 1999 પ્રમાણે વેપારચિહ્નની નોંધણી કરવા માટે કેન્દ્ર સરકાર એ 'કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ એન્ડ ડિઝાઈન એન્ડ ટ્રેડમાર્ક્સ'ને નિયુક્ત કરેલ છે. જે આ કાયદા હેઠળ વેપારચિહ્નની નોંધણી માટેની રજીસ્ટ્રી તરીકે કામ કરે છે.

➥ વેપાર રહસ્ય :

ભારતમાં વેપાર રહસ્ય માટેના કાયદાના અભાવે અન્ય બૌદ્ધિક સંપત્તિની જેમ તેની ભારતમાં નોંધણી થઈ શકતી નથી. આથી જે-તે દેશના કાયદા મુજબ તેની નોંધણી કરવામાં આવે છે.

➥ ઔદ્યોગિક ડિઝાઈન :

ડિઝાઈનની નોંધણી માટેની અરજી સ્વીકારવા માટે ડિઝાઈન અધિનિયમ હેઠળ

'કંટ્રોલર ઓફ ડિઝાઈન' અધિકૃત વ્યક્તિ ગણાય છે. અને તેની અરજી પેટન્ટ ઓફિસમાં કંટ્રોલર ઓફ ડિઝાઈનને કરવામાં આવે છે.

➥ ભૌગોલિક સંકેત :

ભૌગોલિક સંકેતની નોંધણી માટેની અરજી રજીસ્ટ્રારને કરવામાં આવે છે. આ અધિનિયમ હેઠળ 'કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ, ડિઝાઈન એન્ડ ટ્રેડમાર્ક' રજીસ્ટ્રાર તરીકે કામગીરી કરે છે.

### 5.2.4 સંરક્ષણ માટેની હકૂમત :

➥ વેપારચિહ્ન :

વેપાર ચિહ્નના ઉલ્લંઘન અને પાસીંગ ઓફ સામે નારાજ પક્ષકાર દિવાની પગલાં લઈ શકે છે અને તે વ્યક્તિ જિલ્લા અદાલતમાં પોતાનો કેસ દાખલ કરી શકે છે. રજિસ્ટ્રારના નિર્ણયની સામે અપીલમાં બૌદ્ધિક સંપત્તિ એપેલેટ બોર્ડ (Intellectual Property Applellate Board) પાસે જઈ શકાય છે. આ વિષય માટે અપીલ સાંભળવાની અન્ય કોઈ કોર્ટ પાસે સત્તા નથી.

➥ વેપાર રહસ્ય :

ભારતમાં વેપાર રહસ્યના સંરક્ષણ માટે કોઈ ચોક્કસ અધિનિયમ નથી. તેમ છતાં 'ભારતીય કરાર અધિનિયમ-1872 હેઠળ કરારની અને સમન્યાયનો ઉપચાર પ્રાપ્ત થઈ શકે છે. નારાજ પક્ષકાર મનાઈ હુકમ માટે પણ અરજી કરી શકે છે.'

➥ ઔદ્યોગિક ડિઝાઈન :

ઔદ્યોગિક ડિઝાઈનના હક્કના ઉલ્લંઘન થવાથી નુકસાન વળતર અથવા મનાઈહુકમ માટેની અરજી થઈ શકે છે. આ અરજી 'જિલ્લા અદાલત'માં કરી શકાય છે.

➥ ભૌગોલિક સંકેત :

ભૌગોલિક સંકેતના ઉલ્લંઘન કે પાસિંગ ઓફની સામે નારાજ પક્ષકાર 'જિલ્લા અદાલત'માં અરજી કરી શકે છે.

## 5.3 વેપાર ચિહ્ન અને ભૌગોલિક સંકેત વચ્ચે તુલનાત્મક અભ્યાસ :

➥ કાયદા હેઠળ રક્ષણ :

વેપારચિહ્નને સંરક્ષણ 'વેપારચિહ્ન અધિનિયમ, ૧૯૯૯' હેઠળ પ્રદાન કરવામાં આવે છે.

ભૌગોલિક સંકેતને સંરક્ષણ 'માલના ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ, ૧૯૯૯' હેઠળ પ્રદાન કરવામાં આવે છે.

➥ વ્યાખ્યા :

કલમ-2 (ZB) હેઠળ વેપારચિહ્નની વ્યાખ્યા આપવામાં આવી છે. વેપારચિહ્ન એટલે એવું ચિહ્ન કે જે ગ્રાફિકલી દર્શાવવામાં આવે છે અને જે ચિહ્ન પોતાના માલ કે સેવાને બીજાના માલ કે સેવાથી અલગ દર્શાવવા માટે સક્ષમ હોય અને જેમાં માલનો આકાર, તેનું પેકિંગ, અને રંગોના -સંયોજનનો સમાવેશ કરી શકાય છે. તેને વેપારચિહ્ન કહેવાય છે.

કલમ-2(I) (e), હેઠળ માલના સંબંધમાં ભૌગોલિક સંકેત એટલે એ સંકેત જે આવા માલને કૃષિ વિષયક માલ, પ્રાકૃતિક માલ અથવા ઉત્પાદિત થયેલા માલ તરીકે દર્શાવે છે. અથવા

ઉદ્ભવતા, અથવા દેશના ક્ષેત્રમાં ઉત્પાદિત થયેલા માલ તરીકે, અથવા તે ક્ષેત્રમાંના ક્ષેત્ર અથવા વિસ્તાર જ્યાં આપેલી ગુણવત્તા, પ્રતિષ્ઠા અથવા અન્ય માલની લાક્ષણિકતા હોય છે. અને તેના ભૌગોલિક મૂળને અનિવાર્યપણે આભારી હોય છે અને આવા માલનું ઉત્પાદન કાં તો માલનું ઉત્પાદન અથવા પ્રક્રિયા બંનેમાંથી એક દ્વારા કરવામાં આવે છે જે આવા પ્રદેશ, ક્ષેત્ર અથવા વિસ્તાર, કોઈપણ રીતે હોય શકે છે.

➥ કાયદાનો હેતુ :

વેપાર ચિહ્નનો છેતરપિંડીયુક્ત ઉપયોગ થતો રોકવો અને તેની સામે કાયદાકીય રીતે સંરક્ષણ પ્રદાન કરવું.

ભૌગોલિક સંકેતનો હેતુ જાહેરજનતાની મિલકતનું સંરક્ષણ કરવું એ છે કારણ કે આ કાયદામાં રક્ષણ જે ભૌગોલિક સંકેતને પ્રદાન કરવામાં આવે છે તે ભૌગોલિક સંકેત કોઈ એક વ્યક્તિનો ખાનગી હક નથી હોતો, વ્યક્તિઓના સમૂહને આ ભૌગોલિક સંકેત પ્રદાન કરવામાં આવે છે. માટે, આ ભૌગોલિક સંકેતના છેતરપિંડીયુક્ત ઉપયોગ સામે સંરક્ષણ પ્રદાન કરવાનો હેતું છે.

➥ સમયમર્યાદા (Term) :

વેપારચિહ્નની નોંધણી દસ વર્ષના સમય માટે થાય છે. વખતો વખત તેનું નવિનીકરણ (renewal) આ કાયદા મુજબ કરાવી શકાય. નવિનીકરણ પણ દસ વર્ષના સમય માટે કરાય છે.

ભૌગોલિક સંકેતની નોંધણી દસ વર્ષ માટે કરવામાં આવે છે, પરંતુ દસ વર્ષનો સમય સમાપ્ત થયા પછી સમયાંતરે તેની નોંધણી રિન્યુ કરાવી શકાય છે. (કલમ-18(I))

➥ અરજીની નોંધણી :

વેપારચિહ્નની નોંધણી માટે અરજી 'વેપારચિહ્ન રજીસ્ટ્રી' પાસે કરાવી શકાય છે. ભૌગોલિક સંકેતની અરજી રજીસ્ટ્રારને કરવામાં આવે છે. 'કંટ્રોલર જનરલ ઓફ પેટન્ટ, ડિઝાઈન એન્ડ ટ્રેડમાર્ક' રજીસ્ટ્રાર તરીકે કામ કરે છે.

➥ પ્રાપ્ત થતાં હક્કો :

વેપારચિહ્નના માલિકને સ્વતંત્ર ઉપયોગનો, બીજાને સોંપવા (Assign) કરવાનો, વેપારચિહ્નના ઉલ્લંઘન સામે ઉપચાર મેળવવાનો હક્ક પ્રાપ્ત થાય છે.

ભૌગોલિક સંકેતના માલિકને સ્વતંત્ર ઉપચારોનો ઉલ્લંઘનની સામે ઉપચાર મેળવવાનો હક્ક પ્રાપ્ત થાય છે.

## 5.4 સારાંશ

વેપારચિહ્ન એ એક એવું ચિહ્ન જે શબ્દ, લેબલના નવા સ્વરૂપમાં જોવા મળે છે, અને આ વેપારચિહ્નને 'વેપાર ચિહ્ન અધિનિયમ' હેઠળ નિયંત્રિત કરવામાં આવે છે. જ્યારે વેપાર રહસ્યની વાત કરવામાં આવે તો વેપાર રહસ્યને લઈને ભારતમાં કોઈ અસરકારક કાયદો જોવા મળતો નથી, તેના સંરક્ષણ માટે અને ઉલ્લંઘનની સામે પગલાં લેવા કરારનો કાયદો અને સમન્યાય પ્રમાણે પગલાં લેવામાં આવે છે.

જ્યારે ઔદ્યોગિક ડિઝાઈન કોઈ આકાર, રચના કે સંયોજન પર આપવામાં આવે છે જેના ઉલ્લંઘનની સામે નુકસાન વળતર અથવા મનાઈહુકમ ઉપચારમાં મળે છે.

ભૌગોલિક સંકેત એ જે-તે પ્રદેશ કે વિસ્તારમાં ઉત્પાદિત થતા માલને, તેની ગુણવત્તાને, તેની ખરાઈને સૂચવે છે, જેના ઉલ્લંઘન સામે 'જિલ્લા અદાલત'માં ઉપચાર માટે જઈ શકાય છે.

## 5.5 તમારી પ્રગતિ ચકાસો :

- નીચેના વૈકલ્પિક પ્રશ્નોનાં ઉત્તર આપો.

(1) વેપારચિહ્નને ક્યા વર્ષના 'વેપારચિહ્ન અધિનિયમ' હેઠળ સંરક્ષણ પ્રદાન કરવામાં આવેલ છે ?

(A) 1988 (B) 1999

(C) 2000 (D) 2002

જવાબ :- (B) 1999

(2) ડિઝાઈનના સંરક્ષણ માટે જે 'ડિઝાઈન એક્ટ' છે તે ક્યા વર્ષનો છે ?

(A) 1996 (B) 1997

(C) 1998 (D) 2000

જવાબ :- (D) 2000

(3) વેપારચિહ્નની નોંધણી કેટલાં વર્ષ માટે કરવામાં આવે છે ?

(A) 10 વર્ષ (B) 5 વર્ષ

(C) 7 વર્ષ (D) 3 વર્ષ

જવાબ :- (A) 10 વર્ષ

(4) ડિઝાઈન ધારકને નોંધાયેલ ડિઝાઈન માટે કેટલાં વર્ષ માટે અધિકાર મળે છે ?

(A) 7 વર્ષ (B) 4 વર્ષ

(C) 5 વર્ષ (D) 10 વર્ષ

જવાબ :- (D) 10 વર્ષ

(5) ભૌગોલિક સંકેતની નોંધણી કેટલાં વર્ષ માટે કરવામાં આવે છે ?

(A) 4 વર્ષ (B) 5 વર્ષ

(C) 10 વર્ષ (D) 3 વર્ષ

જવાબ :- (C) 10 વર્ષ

(6) ભૌગોલિક સંકેતના સંરક્ષણ માટે 'માલનાં ભૌગોલિક સંકેત (નોંધણી અને સંરક્ષણ)' અધિનિયમ છે તે ક્યા વર્ષનો છે ?

(A) 1999 (B) 2000

(C) 2001 (D) 1999

જવાબ :- (A) 1999

(7) ‘વેપારચિહ્ન’ની વ્યાખ્યા કઈ કલમમાં આપેલી છે ?

(A) કલમ-2 (za) (B) કલમ-2 (zb)

(C) કલમ-2 (zc) (D) કલમ-2 (zd)

જવાબ :- (B) 10 વર્ષકલમ-2 (zb)

(8) ભૌગોલિક સંકેતની વ્યાખ્યા કઈ કલમમાં આપેલી છે ?

(A) કલમ-2 (I) (b) (B) કલમ-2 (I) (e)

(C) કલમ-2 (I) (f) (D) કલમ-2 (I) (g)

જવાબ :- (B) કલમ-2 (i) (e)

- **નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો :**

(1) વેપારચિહ્ન, વેપાર રહસ્ય, ઔદ્યોગિક ડિઝાઈન અને ભૌગોલિક સંકેતનો તુલનાત્મક અભ્યાસ સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

(2) વેપારચિહ્ન અને ભૌગોલિક સંકેતનો તફાવત સમજાવો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 5.6 ચાવીરૂપ શબ્દો :

- **સેવાચિહ્ન :** સેવામાં વીમો, પરિવહન, વીજળી પુરવઠો વગેરેનો સમાવેશ થાય છે. આ સેવા પૂરી પાડનાર કંપની દ્વારા જે ચિહ્નનો ઉપયોગ થાય તેને સેવાચિહ્ન કહેવાય.
- **ભૌગોલિક સંકેત :** ભૌગોલિક સંકેત માલનાં મૂળને ઉત્પત્તિને દર્શાવે છે.
- **વેપાર ચિહ્ન :** એક વ્યક્તિના માલ કે સેવાને બીજી વ્યક્તિના માલ કે સેવા કરતાં અલગ દર્શાવવા સક્ષમ હોય તેવું ચિહ્ન એટલે વેપાર ચિહ્ન.
- **ડિઝાઈન :** આકાર, રૂપરેખા, કલર અથવા આમાનું કાંઈ પણ સંયોજીત કરીને બનાવવામાં આવેલ રચના એટલે ડિઝાઈન.
- **દૃશ્ય મિલકત :** જે મિલકતને આપણે જોઈ શકીએ અને સ્પર્શી શકીએ તેને દૃશ્ય મિલકત કહેવાય. જેમાં જમીન, મકાન, ફર્નિચર વગેરેનો સમાવેશ થાય છે.

- **અદૃશ્ય મિલકત :** જે મિલકતને આપણે જોઈ કે સ્પર્શી શકતાં નથી તે મિલકતને અદૃશ્ય મિલકત કહેવાય જેમાં પેટન્ટ, કોપીરાઈટ, વેપારચિહ્ન વગેરે મિલકતનો સમાવેશ થાય છે.

## 5.7 સંદર્ભ સૂચિ

(1) Ravi Shinde : 'Lectures on Intellectual Property Rights', Asia Law House, 2011

(2) Meenu Paul : 'Intellectual Property Laws' Allahabad Law Publication, 2005

(3) J.P. Misra : 'An Introduction to Intellectual Property Rights', Central Law Agency, 2011

(4) S.R. Mayneni : 'Law of Intellectual Property' Asia Law House, 2009

(5) P. Narayanan : 'Intellectual Property Law', Estern Publication, 2011

***********************

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-622-1